RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 159* Date: 07.04.2021 Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### રાજ્યમાં વધતા કોરોના સંક્રમણ મુદ્દે હાઇકોર્ટની રૂપાણી સરકારને ફટકાર

# ગુજરાતમાં કોરોના બેકાબૂ,ત્રણ-ચાર દિવસનું લોકડાઉન જરૂરીઃ હાઇકોર્ટ

### કોરોનાની ચેઈન તોડવી જરૂરી છે, હાલની સ્થિતિ લોકડાઉનની જરૂર પડે તેવી, હાઈકોર્ટે કોરોનાની સ્થિતિ જોતા રૂપાણી સરકારને કેટલાક નિર્દેશ આપ્યા,જાહેર કાર્યક્રમોમાં નિયમો કડક કરવા સૂચના

અમદાવાદ,તા.૬

હાલ ગુજરાતમાં આંશિક લોકડાઉન જેવી સ્થિતિ છે. રાત્રે ૯ થી સવારે ૬ વાગ્યા સુધી કરફ્યૂ હોય છે. પરંતુ તેમ છતા કોરોના કાબૂમાં આવી નથી રહ્યો. આવામાં ગુજરાતમાં લોકડાઉનની જરૂર છે તેવું ગુજરાત હાઈકોર્ટે ગુજરાત સરકારને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે. ગુજરાતમાં ૩-૪ દિવસના લોકડાઉનની જરૂર હોવાનું હાઈકોર્ટે અવલોકન કર્યું છે. સાથે જ હાલની સ્થિતિમાં કરફ્યૂની જરૂર હોવાનું પણ હાઈકોર્ટે અવલોક્યું છે.

ગુજરાતમાં કોરોનાનું લેવલ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. આવામાં ગુજરાતમાં ફરીથી લોકડાઉન આવે તેવા ભણકારા વાગી રહ્યા હતા. આ વચ્ચે ગુજરાત હાઈકોર્ટે કોરોનાની સ્થિતિ જોતા રાજ્ય સરકારને કેટલાક નિર્દેશ આપ્યા છે. જેમાં જાહેર કાર્યક્રમોમાં નિયમો કડક કરવા સૂચના આપી છે. સાથે જ કોવિડના નિયમોનું ચુસ્તપણે પાલન કરવા પણ નિર્દેશ આપ્યા છે. હાઈકોર્ટના ચીફ જસ્ટિસ વિક્રમનાથ અને જસ્ટિસ ભાર્ગવ કારીઆની ખંડપીઠે સરકારને નિર્દેશ કર્યો કે, કોરોનાના વિસ્ફોટને અટકાવવા માટે નક્કર પગલાં જરૂરી છે. કોરોના સંક્રમણની ચેઈનને તોડવી જરૂરી બની છે. રાજ્યભરમાં ત્રણથી ચાર દિવસનો કરફ્યૂ લાદવા અને વિકેન્ડ કરફ્યૂ બાબતે સરકાર જરૂરી નિર્ણય લે એવી હાઈકોર્ટે સરકારને ટકોર કરી છે. ત્યારે લોકડાઉનની જરૂર પડે એવી સ્થિતિ હોવાનું હાઈકોર્ટનું અવલોકન છે.

કોરોનાનો કહેર વધી રહ્યો છે તે બાબતને હાઈકોર્ટે ગંભીરતાથી લીધી છે. રાત્રિ કરફ્યૂનો સમય મર્યાદા વધારવાની વાત પણ હાઈકોર્ટે કરી છે. સાથે જ રાજકીય મેળાવડા, માસ્ક, ચૂંટણીઓ, જાહેર કાર્યક્રમોમાં નિયંત્રણો રાખવા બહુ જ જરૂરી છે. લોકો પણ જાગૃતિ દાખવ્યા વગર બેફામ ફરી રહ્યા હતા. ગુજરાત હાઈકોર્ટે કહ્યું કે, લોકોમાં શિસ્ત લાવતા પહેલા રાજ્ય સરકારે પણ સ્વંય શિસ્ત રાખવાની જરૂર છે. રાજકીય મેળાવડા અને જાહેર કાર્યક્રમો પર સૌથી પહેલા સરકાર અંકુશ મેળવે. મેળાવડા કરતા નેતાઓ સામે પગલા લે. અગાઉ પણ હાઈકોર્ટે રાજ્ય સરકારને સૂચના આપી હતી કે, રાજકીય નેતાઓને કન્ટ્રોલમાં રાખો. તો જ લોકો શીખશે. ત્યારે આજે ફરીથી હાઈકોર્ટે આ અવલોકન કર્યું છે. અંકુશ મેળવવા લોકડાઉનનો ઉપાય સૂચવ્યો છે. પણ લોકડાઉન લગાવવું કે નહિ તે નિર્ણય ગુજરાત સરકારનો રહેશે. તો બીજી તરફ, રાજ્ય સરકાર હાઈકોર્ટના ચુકાદાનો અભ્યાસ કરશે તેવુ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. ચુકાદાનો વિસ્તૃત અભ્યાસ કરી સરકાર દ્વારા નિર્ણય લેવાશે. મુખ્યમંત્રી નિવાસ્થાને મળતી હાઈ પાવર કમિટીની બેઠકમાં નામદાર કોર્ટના ચુકાદા અંગે નિર્ણય કરાશે. ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં ગઈકાલે કોરોનાના ૨૪ કલાકમાં નોંધાયેલા નવા કેસોનો આંકડો ત્રણ હજારની સપાટીને પણ પાર કરી ગયો હતો. ગયા વર્ષે લોકડાઉન અને ત્યારબાદના સમયગાળામાં પણ ગુજરાતમાં એક જ દિવસમાં આટલા કેસ ક્યારેય નહોતા નોંધાયા. રાજ્યમાં કેસોમાં થઈ રહેલા સતત વધારા વચ્ચે પોલીસે માસ્કના



નિયમનો પણ ખૂબ જ કડકાઈથી અમલ શરુ કર્યો છે, અને રોજના હજારો લોકોને દંડ ફટકારાઈ રહ્યો છે. કોરોનાનો કહેર વધતા ગુજરાત રાજ્યના આઠ મહાનગર અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા, જામનગર, ભાવનગર, જૂનાગઢ અને ગાંધીનગરમાં ૫૦૦-૫૦૦ બેડના આઠ કોવિડ સેન્ટર ચાલુ કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હોવાની જાહેરાત ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કરી છે.

### રાષ્ટ્રપતિએ આપી મંજૂરી

## જસ્ટિસ એનવી રમણા બનશે ૪૮મા ચીફ જસ્ટિસ, ૨૪ એપ્રિલે ગ્રહણ કરશે શપથ

ન્યુ દિલ્હી,તા.૬

જસ્ટિસ એનવી રમણા ભારતના આગામી મુખ્ય ન્યાયાધીશ બનશે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે મંગળવારે સવારે તેમના નામને મંજૂરી આપી હતી. રાષ્ટ્રપતિની મંજૂરીનો લેટર સુપ્રીમ કોર્ટ પહોંચાડી દેવામાં આવ્યો છે. વર્તમાન ચીફ જસ્ટિસ એસએ બોબડે ૨૩ એપ્રિલના રોજ રિટાયર થઈ રહ્યા છે અને ૨૪ એપ્રિલના રોજ જસ્ટિસ એનવી રમણા દેશના ૪૮મા ચીફ જસ્ટિસ તરીકે શપથ ગ્રહણ કરશે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ રાષ્ટ્રપતિ ભવનમાં જસ્ટિસ રમણાને મુખ્ય ન્યાયાધીશ પદના શપથ ગ્રહણ કરાવશે. સુપ્રીમ કોર્ટમાં જસ્ટિસ રમણાનો કાર્યકાળ ૨૬ ઓગષ્ટ, ૨૦૨૨ સુધીનો છે. મતલબ કે તેઓ બે વર્ષ કરતા પણ ઓછા સમય માટે સીજેઆઈનું પદ સંભાળશે. સુપ્રીમ કોર્ટમાં વરિષ્ઠતા મામલે તેઓ હાલ બીજા સ્થાને છે. જસ્ટિસ એનવી રમણા સુપ્રીમ કોર્ટમાં સીજેઆઈ બાદ સૌથી સીનિયર જજ છે. તેઓ આંધ્ર પ્રદેશ હાઈકોર્ટના પહેલા એવા જજ હશે જે સીજેઆઈ બનશે. આગામી ૨૪ એપ્રિલના રોજ શપથ ગ્રહણ કરીને જસ્ટિસ રમણા ૨૬ ઓગષ્ટ, ૨૦૨૨ સુધી દેશના મુખ્ય ન્યાયાધીશ તરીકે સેવા આપશે.

૨૭ ઓગષ્ટ, ૧૯૫૭ના રોજ આંધ્ર પ્રદેશના કૃષ્ણા જિલ્લામાં આવેલા પુન્નાવરમ ગામના ખેડૂત પરિવારમાં જન્મેલા નાતુલાપતિ વેંકટ રમણાએ વિજ્ઞાન અને કાયદામાં સ્નાતકની ડિગ્રી મેળવી હતી. ત્યાર બાદ તેમણે આંધ્ર પ્રદેશ હાઈકોર્ટ, કેન્દ્રીય પ્રશાસનિક ટ્રિબ્યુનલ અને સુપ્રીમ કોર્ટમાં પ્રેક્ટિસ શરૂ કરી હતી. રમણાએ ૧૦ ફેબ્રુઆરી, ૧૯૮૩ના રોજ વકીલ તરીકે ન્યાયિક કારકિર્દીની શરૂઆત કરી હતી. ૨૭ જૂન, ૨૦૦૦ના રોજ તેઓ આંધ્ર પ્રદેશ હાઈકોર્ટના સ્થાયી ન્યાયાધીશ તરીકે નિયુક્ત થયા હતા. ૧૦ માર્ચ, ૨૦૧૩થી લઈને ૨૦ મે, ૨૦૧૩ સુધી તેમણે આંધ્ર પ્રદેશ હાઈકોર્ટના કાર્યવાહક મુખ્ય ન્યાયાધીશ તરીકે કામ કર્યું હતું.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યાઃ૩૨૮૦**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૩૨૪૮૭૮**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૧૭**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૨૧૬૭**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૩૦૩૦૩૨**

### વડાપ્રધાને ભાજપના ૪૧મા સ્થાપના દિન નિમિત્તે કાર્યકરોને સંબોધ્યા

# ભાજપ ચૂંટણી જીતવાનું મશીન નથી, દિલ જીતવાનું અભિયાન છેઃ મોદી




ન્યુ દિલ્હી,તા.૬

ભારતીય જનતા પાર્ટીનો આજે ૪૧મો સ્થાપના દિવસ છે. આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશભરના પાર્ટી કાર્યકર્તાઓને સંબોધિત કર્યા હતાં. તેમણે પાર્ટી કાર્યકર્તાઓ પ્રત્યે આભાર વ્યક્ત કરતા કહ્યું હતું કે, તેમના જ યોગદાનના કારને આજે ભાજપ દુનિયાની સૌથી મોટી પાર્ટી બની ગઈ છે. આ ઉપરાંત તેમણે દેશના નાના ખેડૂતો, રેકડીવાળા અને મહિલાઓ માટે શરૂ કરેલી યોજનાઓ અને તેનાથી થતા લાભોનો ઉલ્લેખ કર્યો હતો.

પીએમ મોદીએ કહ્યું હતું કે, પાર્ટીની ગૌરવશાળી યાત્રાના આજે ૪૧ વર્ષ પૂરા થઈ રહ્યા છે. આ ૪૧ વર્ષ એ વાતની સાક્ષી પૂરે છે કે સેવા અને સમર્પણ સાથે કોઈ પાર્ટી કેવી રીતે કામ કરે છે. ભાજપને આકાર અને વિસ્તાર આપનારા અમારા આદરણીય લાલકૃષ્ણ અડવાણીજી, મુરલી મનોહર જોશીજી જેવા અનેક વરિષ્ઠોના આશીર્વાદ અમને હંમેશા મળતા રહ્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંબોધન દરમિયાન કહ્યું હતું કે, ભાજપ ફક્ત એક ચૂંટણી જીતવાનું મશીન જ નથી, અમને દરેક સંપ્રદાયનું સમર્થન મળી રહ્યું છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, ભાજપ શરૂઆતથી જ માને છે કે વ્યક્તિથી મોટો પક્ષ અને પક્ષથી મોટો દેશ છે. કાર્યકરોના ત્યાગ, સંકલ્પથી પાર્ટી આગળ વધી છે. આ સાથે પીએમ મોદીએ આ અવસરે પાર્ટીના વરિષ્ઠ નેતાઓના યોગદાન ઉપર પણ ચર્ચા કરી. તેમણે કહ્યું હતું કે, ડો.શ્યામાપ્રસાદ મુખર્જી, પંડિત દિનદયાળ ઉપાધ્યાયજી, અટલ બિહારી વાજપેયીજી, કુશાભાઉ ઠાકરેજી, રાજમાતા સિંધિયાજી જેવા અગણિત મહાન વ્યક્તિત્વોને ભાજપના પ્રત્યેક કાર્યકર તરફથી હું શ્રદ્ધાંજલિ આપું છું. શ્રદ્ધાસુમન અર્પણ કરું છું. દેશનો કદાચ જ કોઈ એવું રાજ્ય કે જિલ્લો હશે જ્યાં પાર્ટી માટે ૨-૩ પેઢીઓ કાર્યરત ન હોય. હું આ અવસરે જનસંઘથી લઈને ભાજપ સુધીના રાષ્ટ્રસેવાના આ યજ્ઞમાં પોતાનું યોગદાન આપનારા દરેક વ્યક્તિને આદરપૂર્વક નમન કરું છું.

પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, ડો.શ્યામાપ્રસાદ મુખર્જીના બલિદાનની શક્તિ છે કે આપણે તેમનું સપનું પૂરું કરી શકયા. કલમ ૩૭૦ હટાવીને કાસ્મીરને બંધારણીય અધિકાર આપી શક્યા. તેમણે કહ્યું હતું કે, ગત વર્ષ કોરોનાએ સમગ્ર દેશ સામે એક અભૂતપૂર્વ સંકટ ઊભું કરી દીધુ હતું. ત્યારે તમે બધા પોતાનું દુઃખ ભૂલાવી દેશવાસીઓની સેવાઓમાં લાગેલા રહ્યા. તમે સેવા જ સંગઠનનો સંકલ્પ લીધો અને તે માટે કામ કર્યું.

પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, ગાંધીજી કહેતા હતા કે નિર્ણય અને યોજનાઓ એવી હોવી જોઈએ જે સમાજની છેલ્લી હરોળમાં ઊભેલા વ્યક્તિ સુધી લાભ પહોંચાડે. ગાંધીજીની તે મૂળ ભાવનાને ચરિતાર્થ કરવા માટે આપણે અથાગ પ્રયત્નો કર્યા છે. અમારી સરકારનું મૂલ્યાંકન તેની ડિલિવરી સિસ્ટમથી થાય છે. આ દેશમાં સરકારોના કામકાજનો નવો મૂળમંત્ર બની રહ્યો છે. આમ છતાં દુર્ભાગ્ય એ છે કે ભાજપ જો ચૂંટણી જીતે તો તેને ચૂંટણી જીતવાનું મશીન કહેવાય છે.

### સતત ૬ દિવસથી દેશમાં ૪૦૦થી વધુ મોત નોંધાયા

# દેશમાં ૨૪ કલાકમાં કોરોનાના નવા ૯૬,૬૮૨ કેસ

ન્યુ દિલ્હી,તા.૬

દેશમાં કોરોનાનો કહેર યથાવત છે. છતાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા કેસ એક લાખની નીચે આવતા થોડી રાહત થઇ છે. મંગળવારે આરોગ્ય મંત્રાલય તરફથી જાહેર કરાયેલા આંકડા મુજબ દેશમાં એક દિવસમાં કોરોનાના નવા ૯૬,૯૮૨ કેસ નોંધાયા. જે ગઇકાલે નોંધાયેલા કેસ કરતા ઓછા છે.



સોમવારે દેશમાં ઓલ ટાઈમ હાઇ ૧,૦૩,૫૫૮ કેસ નોંધાયા હતા. દરમિયાન ૨૪ કલાકમાં દેશમાં ૫૦,૧૪૩ લોકો સાજા થયા. આ સમયગાળા દરમિયાન દેશમાં કોરોનાને પગલે ૪૪૬ દર્દીઓએ પોતાનો જીવ ગુમાવ્યો છે.

દેશમાં હાલ કોરોના વાઈરસના ૭,૮૮,૨૨૩ કેસ છે. આ સાથે જ દેશમાં કુલ કેસની સંખ્યા ૧,૨૬,૮૬,૦૪૯ થઈ છે. બીજી તરફ કુલ ૧,૧૭,૩૨,૨૭૯ લોકોએ કોરોનાને મ્હાત આપી છે. કોરોનાને પગલે અત્યારસુધી કુલ ૧,૬૫,૫૪૭ લોકોએ જીવ ગુમાવ્યો છે. દેશમાં હાલ સાજા થવાનો દર ૯૨.૫ ટકા છે, જ્યારે મોતનું પ્રમાણ ૧.૩ ટકા છે. દેશમાં અત્યારસુધી કુલ ૮.૩૧ કરોડ લોકોને કોરોનાની વેક્સીન આપવામાં આવી ચૂકી છે.

૮ માર્ચ પછીથી કોરોનાના કેસ જે રીતે વધી રહ્યા છે તે જ રીતે મૃત્યુઆંકમાં પણ વધારો નોંધાઈ રહ્યો છે. આ સમયમાં ૭ દિવસના રોજના નોંધાતા કેસ અને મૃત્યુઆંક બન્નેમાં લગભગ ૩૪૫%નો ઉછાળો નોંધાયો છે.

દરરોજ નોંધાતા મૃત્યુ (સરેરાશ સાત દિવસ)નો આંકડો ૮ માર્ચના રોજ ૯૬ હતો જે ૪ એપ્રિલે ૪૨૫ પર પહોંચી ગયો હતો, એટલે કે આ ૪.૫ ગણો વધ્યો છે, આ સમયગાળા દરમિયાન કેસમાં પણ ઉછાળો નોંધાયો છે. આ પહેલાના ૪ અઠવાડિયા (૮ ફેબ્રુઆરીથી ૮ માર્ચ) દરમિયાન ૫૦% કેસમાં ઉછાળો નોંધાયો હતો પરંતુ મૃત્યુઆંક કાબૂમાં હતો. હાલ જે રીતે કેસ વધી રહ્યા છે તેની સાથે મૃત્યુઆંક પણ વધી રહ્યા છે.

પાછલા અઠવાડિયામાં (૨૯ માર્ચથી ૪ એપ્રિલ) ૨,૯૭૪ દર્દીઓએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યો છે, અહીં અગાઉના અઠવાડિયા (૧,૮૭૫) કરતા ૫૯% વધારો નોંધાયો છે. એટલે કે અગાઉના ૭ દિવસ કરતા પાછલા ૭ દિવસમાં ૧૦૦૦થી વધુ મૃત્યુઆંક નોંધાયા છે. ભારતમાં કોરોનાકાળ શરુ થયો તે પછીનો આ અઠવાડિયા દરમિયાનનો મૃત્યુઆંકનો મહાકૂદકો છે. મહારાષ્ટ્રમાં નવા ૪૭,૨૮૮ કેસ નોંધાયા છે, રવિવારે નોંધાયેલા કેસ કરતા ૧૦,૦૦૦નો ઘટાડો નોંધાયો છે. છત્તીસગઢમાં મોટા ઉછાળા સાથે ૭,૩૦૨ નવા કેસ નોંધાયા છે.

## DRDOએ મિસાઈલ સિસ્ટમને વિકસિત કરવા ખાનગી સેક્ટરની કંપનીઓને આપી મંજૂરી




ન્યુ દિલ્હી,તા.૬

ડીઆરડીઓએ મિસાઈલ સિસ્ટમને વિકસિત કરવા અને તેનું ઉત્પાદન કરવા માટે ખાનગી સેક્ટરની કંપનીઓને મંજૂરી આપી દીધી છે. આ નિર્ણય ઘરેલું રક્ષા ઉદ્યોગને પ્રોત્સાહન આપવાના હેતુથી લેવાયો છે. ડીઆરડીઓના એક ઉચ્ચ અધિકારીએ જણાવ્યું કે,'ડેવલપમેન્ટ કમ પ્રોડકશન પાર્ટનર પ્રોગ્રામ હેછળ અમે પ્રાઈવેટ સેક્ટર સાથે મિસાઈલ સિસ્ટમ વિકસિત કરવા અને પછી તેનું ઉત્પાદન કરવા માટે મંજૂરી આપી છે. પ્રાઈવેટ સેક્ટરની કંપનીઓએ ભાગીદારી માટે ઘણો ઉત્સાહ દેખાડ્યો છે. વર્ટિકલી લોન્ચની શોર્ટ-રેન્જ સરફેસ ટૂ એર મિસાઈલ સિસ્ટમ યોજના પર બોલીઓ પણ લાગી ચૂકી છે.' ડીઆરડીઓ દ્વારા આ પ્રયાસ મોદી સરકારના મેક ઈન ઈન્ડિયા પ્રોગ્રામ હેઠળ કરવામા આવી રહ્યો છે.

ડીઆરડીઓએ અમુક સમય પહેલા જ એર ઈન્ડિપેન્ડેન્ટ પ્રોપલ્શન ટેકનોલોજીનો અંતિમ ટેસ્ટ પૂર્ણ કરવાની જાહેરાત કરી હતી. ભારતીય સબમરીનને વધુ ઘાતક બનાવવાની દિશામાં તેને મોટી સફળતા મનાય છે કારણ કે, વિશ્વના અમુક વિકસિત દેશો પાસે જ આ ટેકનોલોજી છે.

## તંત્રી સ્થાનેથી...

# કોરોના રસી લીધા પછી પણ નિયમોનું પાલન શા માટે જરૂરી.....?

દેશના ૧૧ જેટલા રાજ્યોમાં કોરોના માઝા મૂકી છે એક લાખથી પણ વધુ કેસ છેલ્લા ૨૪ કલાકમાં નોંધાતા આમ પ્રજામાં પણ ચિંતાનું મોજું ફરી વળ્યું છે. વિશ્વમાં કોરોના કેસોમાં ભારત પ્રથમ ક્રમે આવી ગયો છે. તો મહારાષ્ટ્ર રાજ્યમાં ૨૪ કલાકમાં ૧ લાખ જેટલા કે સામે આવી ગયા છે ત્યારે તે પણ સૌથી વધુ કોરોના કેસોમાં ૧૦ મા ક્રમે આવી ગયેલ છે બીજી તરફ કેન્દ્ર સરકાર દેશભરમાં કોરોના સાંકળ તોડવા માટે લોકડાઉન કરવા તૈયાર નથી કારણકે લોકડાઉન એટલે અર્થતંત્રને મોટો ફટકો વર્ષ ૨૦૨૦માં દેશમાં પણ લોકડાઉન જાહેર કરવામાં આવ્યું હતું અને તેના કારણે દેશના અર્થતંત્રને મોટો ફટકો પડયો હતો. પરંતુ સરકારના એક પછી એક પગલાને કારણે અર્થતંત્રની ગાડી આગળ વધવા લાગી છે જોકે હજુ પાટા ઉપર દોડતી થઇ શકી નથી.....! અને આવા સમયમા જ કોરોનાની બીજી લહેર ઉપરાત નવો કોરોના સ્ટ્રેન-કે જેના કેસો પણ કેટલાક રાજ્યમાં સામે આવ્યા છે આ સ્ટ્રેન એકસાથે પાંચ થી સાત વ્યક્તિને ચપેટમાં લઈ લે છે તો તેના ટચમાં આવનારાઓને પણ ચપેટમાં લેવાનુ છોડતો નથી. આ ઉપરાંત નવા સ્ટ્રેનના લક્ષણો અલગ પ્રકારના છે. જો કે કેન્દ્ર સરકારે રાજ્ય સરકારોને કોરોનાની સ્થિતિનુ આકલન કરી લોકડાઉન, કર્ફ્યુ સહિતના જરૂરી પગલાઓ લેવા છૂટ આપી દીધી છે. પરિણામે મહારાષ્ટ્ર,પંજાબ,છત્તીસગઢ સહિતના ૧૧ રાજ્યોએ જરૂરિયાત અનુસાર જે તે જિલ્લામાં લોકડાઉન જાહેર કર્યા છે તો શાળા કોલેજો પણ બંધ કરાવી દીધી છે તે સાથે મોટાભાગના ૧૧ જેટલા રાજ્યો કે જયા કોરોનાનો કહેર છે તે દરેક રાજ્યોએ રાત્રિ કરફ્યુ જાહેર કરી દીધા છે તેમાં પણ ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન જેવા રાજ્યોએ બહારથી આવનારા માટે આરટી પીસીઆર ટેસ્ટ ૭૨ કલાકની અંદર કરાવેલો હોય તેને જ પ્રવેશ આપવાનો નહીતો ટેસ્ટ કરાવ્યા પછીજ પ્રવેશ આપવાનું ફરજિયાત કર્યું છે જો કે મહારાષ્ટ્ર સરકારે આ બાબતે ૧૫ દિવસ સુધી નેગેટિવ રિપોર્ટ પ્રવેશ માટેની મંજૂરી આપી દીધી છે. ત્યારે દિલ્હીમાં પણ કોરોના કેસો વધવા લાગ્યા છે પરંતુ ત્યાંની કેજરીવાલ સરકારે લોકડાઉન નહી લાદવાનો નિર્ણય કર્યો છે.બીજી તરફ નવો સ્કેપ વધુ ભયંકર છે જે બાળકો તથા યુવાનોને પણ ચપેટમાં લઇ લે છે. મહારાષ્ટ્રમા નવા કોરોના સ્ટ્રેનની ચપેટમાં ૧૦ વર્ષ સુધીની ઉંમર હોય તેવા ૧૫ હજાર બાળકો અને ૧૧ થી ૨૦ વર્ષની ઉંમર ધરાવનારા ૪૦ હજાર કિશોરો અને યુવાનો ચપેટમાં આવી ગયેલ... એટલે સલામતી માટે માસ્ક,ડિસ.ટન્સ,હાથ ધોવા અતિ આવશ્યક છે તો રસી લેવી પણ અતિ જરૂરી છે....!

મંગળવાર સવાર સુધીમાં કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરેલ વિગતો અનુસાર ૯૬,૯૮૨ નવા કેસ સામે આવ્યા છે અને કુલ સંક્રમિત લોકોની સંખ્યા ૧,૨૬,૮૬,૦૪૯ પર પહોંચી છે જ્યારે કે ૧,૧૭,૩૨,૨૭૯ કોરોના સંક્રમિતો સાજા થઈ ગયા છે અને સક્રિય કેસો ૪૬,૩૯૩ વધીને ૭,૮૮,૨૨૩ પર પહોંચી ગયા છે, મૃત્યુ ૪૪૬ થતા આજ સુધીના કુલ મૃતાક ૧,૬૫,૫૪૭ થઈ ગયા છે. ત્યારે કેન્દ્ર સરકાર દેશભરમાં રસીકરણ અભિયાન ચલાવી રહી છે.. જેમાં ૮,૩૧,૧૦,૯૨૬ નુ રસીકરણ થઈ ચૂક્યુ છે અને હજુ પણ રસી આપવાનું ચાલે છે. છતાં આજની તારીખે અનેક લોકો રસી લેવાથી દૂર રહે છે કારણ રસી લીધા પછી કેટલાકનો કોરોના પોઝીટીવ આવેલ છે પરંતુ તે માટે કેટલીક બાબતો સંકળાયેલી છે જેમાં રસી લીધાના છ કલાક બાદ કે બીજા દિવસે તાવ આવે, શરીરને કળતર થાય, હાડકાનો દુખાવો થાય તો તેનાથી ડર્યા વગર વધુ પાણી પીવાનું રાખે તો જે તાવ સહિતની બાબતોનુ મારણ છે તેમ તબીબોનું કહેવું છે. તો હુએ આપેલ સલાહ અનુસાર રસી લીધા અગાઉ કે રસી લીધા બાદ અન્ય કોઈ રસી લેવી જોઈએ નહીં, ટેટુ બનાવરાવવો જોઈએ નહીં.... તેના માટે ડોક્ટરની સલાહ લેવી જોઈએ. કોરોના રસી લીધા બાદ બે અઠવાડિયા સુધી બીજી કોઈ પણ રસી લેવાનું ટાળો, અન્ય રસીઓ સાથે કોરોના રસી કેવી પ્રતિક્રિયા આપે છે તેની માહિતી આવી નથી, રસી લીધા પછી બે દિવસ આરામ કરવો જોઈએ, કસરત પણ નહીં કરવાની અને શરીરને હાઈડ્રેટ રાખવું જોઈએ કારણકે તે શરીરની રોગપ્રતિકારક પ્રતિક્રિયા પર પ્રક્રિયા કરવામાં મદદ કરે છે. અને તાવ આવતો હશે તો સ્વસ્થ થઈ જશો. ત્યારે તો મુંબઈમાં કોરોનાનો રાફડો ફાટ્યો છે તેના અનુસંધાને ડોક્ટર મેહુલ ભટ્ટે એક વિડીયો આમ પ્રજાને માટે જાગૃતિ અનુસંધાને ફરી રહ્યો છે જેમાં તેઓએ જણાવ્યુ છે કે સવારે મારી પાસે ૨૦ દર્દીઓ આવ્યા હતા તેમની તપાસ બાદ ૧૫ દર્દીઓને તાવ અને કોરોના લક્ષણ જણાતા ટેસ્ટ કરાવવા સલાહ આપી પરંતુ માત્ર ૩ દર્દીએજ ટેસ્ટ કરાવેલ જેના રીપોર્ટ પોઝીટીવ આવેલ તો ૧૨ દર્દીએ કોરોના ટેસ્ટ નહીં કરાવી સુપર સ્પ્રેડર બન્યા છે.દેશમાં આવા તો અનેક હોય છે આવી બેદરકારી ચિંતાજનક છે.

# વડાપ્રધાન મોદી આજે 'પરીક્ષા પે ચર્ચા' કરશે

ન્યુ દિલ્હી,તા.૬

દેશના વિદ્યાર્થીઓ સાથે વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો વાર્ષિક સંવાદ 'પરીક્ષા પે ચર્ચા', આ વખતે નવા વર્ચ્યુઅલ ફોર્મેટમાં સાતમી એપ્રિલે યોજાશે. વડા પ્રધાને આ બાબતની જાહેરાત ટ્વિટર પર કરતા જણાવ્યું હતું કે સાતમી એપ્રિલે સાંજે સાત વાગ્યે આપણા બહાદુર એક્ઝામ વૉરિયર્સ, એમનાં માતાપિતા અને શિક્ષકો સાથે વિવિધ વિષયો પર અનેક રસપ્રદ સવાલો અને યાદગાર ચર્ચા નવા ફોર્મેટમાં યોજાશે.

આ સાથે એમણે એક વીડિયો ટૅગ કર્યો હતો, જેમાં તેઓ એમ કહેતા જણાયા હતા કે આપણે ગત એક વર્ષથી કોરોના વાઈરસના રોગચાળાના ઓછાયા હેઠળ જીવી રહ્યા છીએ અને એ કારણે મારે તમને મળવાનો લહાવો જતો કરવો પડયો છે તથા હું તમારી સાથે 'પરીક્ષા પે ચર્ચા' નવી ફોર્મેટમાં વાતચીત કરીશ. એમણે વિદ્યાર્થીઓને પરીક્ષાને તક તરીકે જોવાની અને જીવનના સ્વપ્નના અંત તરીકે ન જોવાની સલાહ આપી હતી. વીડિયોમાં જણાવાયું હતું કે આ વર્ચ્યુઅલ ઈવૅન્ટમાં વડા પ્રધાન વિદ્યાર્થીઓ સાથે મિત્ર તરીકે વાતો કરશે અને એમના માતાપિતા તથા શિક્ષકો સાથે પણ ચર્ચા કરશે. આ કાર્યક્રમનું નામ ભલે 'પરીક્ષા પે ચર્ચા' હોય, પણ ચર્ચા ફક્ત પરીક્ષા સુધી જ સીમિત નહીં હોય. 'પરીક્ષા પે ચર્ચા ૧.૦'નો કાર્યક્રમ ૧૬મી ફેબ્રુઆરી ૨૦૧૮ના દિવસે દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમમાં યોજાયો હતો અને એ વખતે વડા પ્રધાને વિદ્યાર્થીઓ સાથે પ્રત્યક્ષ વાતચીત કરી હતી.

### વડાપ્રધાન મોદી પશ્ચિમ બંગાળમાં દીદી પર વરસ્યા

# હિન્દુઓને એક થવાનું કીધું હોત તો, ચૂંટણી પંચની ૮-૧૦ નોટિસ મળી જાત

*કુચબિહાર,તા.૬*

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કૂચબિહાર ખાતે ચૂંટણી સભાને સંબોધિત કરી હતી. વડાપ્રધાને ભૂતકાળની એક ઘટના વાગોળતા કહ્યું કે, બે વર્ષ પહેલા ટીએમસીએ અહીં રેલીમાં અડિંગો જમાવ્યો હતો પરંતુ હવે ટીએમસી ક્યાંય દેખાઈ નથી રહી.



વડાપ્રધાને કહ્યું કે, મમતા બેનર્જીએ ખુલ્લેઆમ મુસ્લિમોના મત માંગવા પડે છે, આ બતાવી આપે છે કે મુસ્લિમ મત બેંક તમારા હાથમાંથી છટકી રહી છે. જો અમે કહ્યું હોત કે તમામ હિંદુઓ એક થઈ જાઓ અને બીજેપીને મત આપો, તો અમને ચૂંટણી પંચની નોટિસ મળી જાત. વડાપ્રધાને મમતા બેનર્જીએ તમામ મુસ્લિમોને એક થઈ જવા કહ્યું હોવાનો આરોપ લગાવ્યો હતો.

રેલીમાં વડાપ્રધાને કહ્યું કે, 'હવે દીદી ઈવીએમને પણ ગાળો આપી રહ્યા છે, પરંતુ તમે એ જ ઈવીએમ વડે જીત્યા હતા ત્યારે કશું નહોતું થયું. તેનાથી સ્પષ્ટ છે કે તમે ચૂંટણી હારી ચુક્યા છો. મમતા બેનર્જી કહે છે કે, લોકો પૈસા લઈને બીજેપીની રેલીમાં આવી રહ્યા છે, દીદી બંગાળના લોકોનું અપમાન કરી રહ્યા છે.' આ સાથે જ વડાપ્રધાને દીદીને તિલક લગાવનારાઓ અને ભગવા પહેરનારાઓથી તકલીફ હોવાનો આરોપ લગાવ્યો હતો.

વડાપ્રધાને કહ્યું કે, બીજી મેના રોજ જયારે બંગાળમાં ભાજપની સરકાર બની જશે ત્યારે વિકાસના અભિયાનને તેજ કરવામાં આવશે. બંગાળમાંથી દીદીની વિદાય નક્કી થઈ ગઈ છે. પહેલા બે તબક્કા અને આજના તબક્કામાં ભાજપની લહેર ચાલી રહી છે.

વડાપ્રધાને કહ્યું કે, 'દીદી હાલ એક સવાલ પુછી રહ્યા છે કે, શું ભાજપ ભગવાન છે કે તેને વિજયની ખબર પડી ગઈ છે. દીદી અમે તો સામાન્ય લોકો છીએ. જનતા જ ભગવાનનું સ્વરૂપ છે, તેમનાથી જ ખબર પડે છે કે હવાની દિશા શું છે. દીદી તમારો ગુસ્સો, વ્યવહાર અને વાણી જોઈને બાળક પણ ટીએમસી ચૂંટણી હારી ગયું છે તેમ કહી શકે.' વડાપ્રધાને કહ્યું કે, જયારે મમતા દીદીએ પોલિંગ બૂથમાં ખેલા કર્યું ત્યારે જ દેશે તે હારી ગયા હોવાનું માની લીધું હતું. હવે મમતા દીદી વારાણસીથી ચૂંટણી લડવાની વાત કરે છે, મતલબ કે ટીએમસી અહીંથી સાફ થઈ ગઈ છે. મમતા બેનર્જીએ પોતાનું રાજકારણ કરવા બંગાળથી બહાર જવું પડશે.

# પરપ્રાંતિયોના કારણે મહારાષ્ટ્રમાં કોરોનાનુ સંક્રમણ વધારેઃ રાજ ઠાકરે

મુંબઇ,તા.૬

મહારાષ્ટ્ર સરકારે કોરોનાના વધતા સંકટના કારણે આકરા પ્રતિબંધો લાગુ કર્યા છે.તેના પર પ્રત્યાઘાત આપતા મહારાષ્ટ્ર નવ નિર્માણ સેનાના પ્રમુખ રાજ ઠાકરેએ કહ્યુ હતુ કે, ગઈકાલે મેં મુખ્યમંત્રી ઉધ્ધ ઠાકરેને ફોન કર્યો હતો.મારે તેમનુ મળવુ હતુ પણ તેમની આસપાસના લોકોને કોરોના થયો છે અને સીએમ પોતે પણ ક્વોરેન્ટાઈન છે.

રાજ ઠાકરેએ કહ્યુ હતુ કે, આ વર્ષે બોર્ડ પરીક્ષા યોજાવી જોઈએ નહી.વિદ્યાર્થીઓને પ્રમોશન આપવુ જોઈએ.ગયા વર્ષ કરતા આ વખતે કોરોનાના સંક્રમણનો પ્રસાર વધારે છે. મહારાષ્ટ્ર ઔદ્યોગિક રાજય છે એટલે અહીંયા બીજા રાજ્યોમાંથી આવતા લોકોની સંખ્યા વધારે છે.પશ્ચિમ બંગાળમાં આપણે જોઈ રહ્યા છે કે, ચૂંટણીના કારણે ભીડ ભાડ હોવા છતા ત્યાં કોરોના નથી. એવુ લાગે છે કે જાણે મહારાષ્ટ્રમાં જ કોરોના છે.કારણકે અહીંયા પર પ્રાંતિયો વધારે આવે છે.બીજી તરફ અન્ય રાજ્યોમાં ટેસ્ટિંગ ઓછુ થાય છે.ટેસ્ટિંગ થાય તો સાચા આંકડા સામે આવશે.

તેમણે કહ્યુ હતુ કે, બહારથી આવતા લોકો માટે ટેસ્ટિંગ ફરજિયાત હોવુ જોઈએ.બહારના લોકો અહીંયા ક્યારે પણ આવે છે અને ક્યારે પણ જાય છે.તેનાથી મહારાષ્ટ્રના લોકોને ઘરમાં રહેવાનો અને બીજી તકલીફો સહન કરવાનો વારો આવી રહ્યો છે.

મહારાષ્ટ્રમાં ૧૦૦ કરોડની વસૂલી પ્રકરણમાં રાજ ઠાકરેએ કહ્યુ હતુ કે, મૂળ મુદ્દો અનિલ દેશમુખે રાજીનામુ આપવુ પડ્યુ તે નથી પણ મહત્વનો મુદ્દો એ છે કે, મુકેશ અંબાણીના ઘરની બહાર વિસ્ફોટકો ભરેલી કાર સચિન વાજેએ કોના કહેવા પર મુકી, વસૂલી તો મહારાષ્ટ્રમાં પહેલા પણ થતી હતી.જો પરમબીરસિંહને પોલીસ કમિશનર પદેથી બદલી ના કરાઈ હોત તો તે આ રહસ્ય બહાર લાવત?

# ગૃહમંત્રી શાહ-યોગીને જાનથી મારી નાંખવાની ધમકી

ન્યુ દિલ્હી,તા.૬

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને મારી નાખવાની ધમકી મળી છે. સૂત્રોના જણાવ્યાં મુજબ મંગળવારે સીઆરપીએફની મુંબઈ ઓફિસમાં ઈમેઈલ દ્વારા ધમકી મળી છે. મેલમાં ધાર્મિક સ્થળ જેવી કોઈ જગ્યાએ હુમલાની વાત કરાઈ છે. સીઆરપીએફ મુખ્યાલયમાં એક ધમકીભર્યો ઈમેઈલ આવ્યા બાદ હડકંપ મચ્યો છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને ગણતંત્ર દિવસે બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. તેમની સાથે દેશના પીએમ નરેન્દ્ર મોદી, સરધણા વિધાયક સંગીત સોમ સહિત અનેક મોટા નેતાઓને મારવાની વાત પણ પત્રમાં લખવામાં આવી હતી. આ વર્ષે જાન્યુઆરીમાં પણ યુપીના સીએમ યોગી આદિત્યનાથને મેસેજ દ્વારા જાનથી મારી નાખવાની ધમકી મળી હતી. ડાયલ ૧૧૨ના વોટ્સએપ નંબર પર મેસેજમાં કહેવાયું હતું કે ૨૪ કલાકમાં મારી નાખીશું,

# સા.અરબનો પાક.ને ઝટકોઃ જમ્મુ-કાશ્મીરમાં ભારતની નીતિના ભરપેટ વખાણ કર્યા

રિયાધ/ન્યુ દિલ્હી,તા.૬

સાઉદી અરબે પાકિસ્તાનને વધુ એક ઝાટકો આપ્યો છે અને એ પણ જમ્મુ-કાશ્મીર મામલે. સાઉદી અરબના મુખ્ય સમાચારપત્ર 'સાઉદી ગઝટ'માં જમ્મુ-કાશ્મીરને લઈ મોદી સરકારની નીતિઓના ભારોભાર વખાણ કરતા કહ્યું છે કે, કલમ ૩૭૦ હટાવ્યા બાદ ભારત સરકારે આ ક્ષેત્રના વિકાસ માટે અનેક યોજનાઓ અને કાર્યક્રમો શરૂ કર્યા છે, જેનાથી દરેક યુવાનોમાં સકારાત્મક વલણ જોવા મળી રહ્યું છે.

પાકિસ્તાન અત્યાર સુધી એવુ જ કહેતુ આવ્યું છે કે, જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવામાં આવ્યા બાદ કાશ્મીરની સ્થિતિ વધારે ખરાબ થઈ ગઈ છે. જયારે સાઉદી અરબે તેનાથી એકદમ ઉલટુ મોદી સરકારની ભારોભાર પ્રશંસા કરી છે.

'સઉદી ગઝટ' એ લખ્યું છે કે, કશ્મીર ખીણના યુવાનો નવા ભારતની પ્રગતિ અને સદ્ધરતાનો ભાગ બનવા માંગે છે. એક જમાનામાં કાશ્મીરી યુવાઓની ઓળખ



પથ્થરબાજો તરીકે થતી હતી પરંતુ કલમ ૩૭૦ હટાવ્યા બાદ તે મુખ્યધાર સાથે જોડાઈને પોતાનું જીવન સારા માર્ગે લઈ જવાનો પ્રયાસ કરી રહ્યાં છે. સમાચાર પત્રએ એમ પણ કહ્યું હતું કે, કલમ ૩૭૦ હટાવવાનો નિર્ણય લેવાયો ત્યારે વૈશ્વિક સ્તરે એ આશંકા વ્યક્ત કરવામાં આવી હતી કે, રાજ્યમાં હિંસા અને અશાંતિ ફેલાશે પરંતુ આમ કંઈ જ ના થયું. પરંતુ તેનાથી વિપરીત યુવાઓએ આ ઐતિહાસિક પરિવર્તનને ખુબ જ સકારાત્મક રીતે આવકાર્યું છે.

સાઉદી ગઝટ સાઉદી અરબનું મુખ્ય અંગ્રેજી સમાચારપત્ર છે. પોતાના રિપોર્ટમાં સમાચારપત્રએ આગળ ઉમેર્યું છે કે, જમ્મુ-કાશ્મીરમાં વિકાસ માટે અનેક યોજનાઓ લાગુ કરવામાં આવી છે.

ત્યાં સુધી કે ૫ ઓગષ્ટ, ૨૦૧૯ બાદ આત્મસમર્પણ કરનારા આતંઅક્વાદીઓ પણ હવે મુખ્ય વિચારધારામાં શામેલ થઈ રહ્યાં છે. સાઉદી ગઝટનો આ રિપોર્ટ ભારત અને સાઉદી અરબના મજબૂત થઈ રહેલા સંબંધોને દર્શાવે છે. પાકિસ્તાને આ મુદ્દે સાઉદી અરબને ઉશ્કેરવાનો પ્રયાસ કર્યો હ્તો પરંતુ ક્રાઉન પ્રિંસ મોહમ્મદ બિન સલમાને તેની કોઈ જ વાતને કાને ધરી નહોતી.

# કોરોના વેક્સિનને લઇ વિશ્વ બેંકના અધ્યક્ષે ભારતના ભરપેટ વખાણ કર્યા

જિનિવા,તા.૬


વિશ્વ બેંકના અધ્યક્ષ ડેવિડ માલપાસે કહ્યું કે ભારત સૌભાગ્યશાળી છે કે તેમની પાસે સીરમ ઇન્સ્ટિટ્યુટ જેવી વૈશ્વિક રસીનો એક મોટો ઉત્પાદક છે. માલપાસ એ કહ્યું કે તે ઘરઆંગણે રસીકરણ કાર્યક્રમમાં તેજી લાવવાના ભારતના પ્રયાસોથી પ્રોત્સાહિત થયા છે. માલપાસે આ ટિપ્પણી આઇએમએફ અને વર્લ્ડ બેંકની આગામી બેઠક પહેલાં મીડિયા સાથે ચર્ચા દરમ્યાન સોમવારે કરી.

માલપાસે કહ્યું કે મારો સીરમ ઇન્સ્ટિટ્યુટની સાથે ઘણો સંપર્ક રહ્યો છે. ભારતનું સૌભાગ્ય છે કે દેશમાં વૈશ્વિક રસીનું એક મોટું ઉત્પાદક છે. એક પ્રશ્નના જવાબમાં માલપાસે કહ્યું કે તેમણે સ્થાનિક નિર્માણ માટે રાષ્ટ્રીય જરૂરિયાતો અને વિશ્વભરમાં અન્ય દેશોને પહોંચાડતી સહાયતાની દ્રષ્ટિથી વધુ પારદર્શિતાને પ્રોત્સાહિત કરી છે. માલપાસે કહ્યું કે એ સ્પષ્ટ નથી કે અમેરિકા કે યુરોપમાં કે દક્ષિણ આફ્રિકામાં કે ભારતમાં સ્થાનિક માંગોના પુરવઠા માટે સ્થાનિક ઉત્પાદનની શું જરૂરિયાત છે. હું ભારત દ્વારા તેમના સ્થાનિક રસીકરણ કાર્યક્રમમાં તેજી લાવવાથી પ્રોત્સાહિત છું અને અમે તેના પર તેની સાથે કામ કરી રહ્યા છીએ. તેમણે કહ્યું કારણ કે ક્ષમતા સંબંધિત અવરોધ ખૂબ વધુ છે, આથી અમે જે રસીકરણ અભિયાન ચલાવી રહ્યા છીએ તેના સ્તરને વધારવા માટે ખૂબ લોકોની જરૂર પડે છે. સ્વાસ્થય મંત્રાલયે શનિવારના રોજ કહ્યું કે ભારતે શુક્રવાર સુધીમાં કુલ ૭,૦૬,૧૮,૦૨૬ એન્ટી કોવિડ રસીના ડોઝ આપ્યા છે. માલપાસે કહ્યું કે આ મહત્વપૂર્ણ અને જરૂરી છે કે વિકાસશીલ દેશોને રસીનો ઝડપથી પુરવઠો પૂરો પાડવામાં આવે કારણ કે રસીકરણમાં અસલમાં ખૂબ જ વધુ સમય લાગે છે. માલપાસનું આ નિવેદન એવા સમય પર આવ્યું છે જયારે ભારતે દુનિયાના કેટલાંય દેશોને રસીનો પુરવઠો પૂરો પાડ્યો છે.

# વાણી વલણને વિચારીને વદવું




સરવાળે સંબંધ
મેધા પંડ્યા ભટ્ટ
medha.pandya@gmail.com



સંબંધોને સાચવી રાખવા માટેનું અને સંબંધોમાં કડવાશ ઉત્પન્ન ન થાય તે માટે સૌથી મહત્વની બાબત જીભ પરનો કાબુ છે. કહેવાય છે કે એવી વાણી બોલો કે કોઇના અંતરમાં ઊતરી જઇએ, ક્યારેય એવી વાણી ન બોલો કે કોઇના દિલમાંથી ઊતરી જઇએ. આપણે જે પણ કંઇ બોલીએ છીએ તેની અસર ફક્ત બીજા પર નહી પણ પોતાના ઉપર પણ પડે છે. તેથી વાતચિત કરતી વખતે કે ચર્ચા કરતી વખતે હંમેશા એકવાતનું ખાસ ધ્યાન રાખો કે એમાં ક્યાંક નકારાત્મકતા ન પ્રવેશી જાય.

મારી સાથે જ હંમેશા ખરાબ થાય છે....આજનો દિવસ જ ખરાબ છે....હું જે કરું તે લોકોને પસંદ નથી આવતું....ક્યાંક તમને પણ આવા નકારાત્મક વિચારો કરવાની આદત તો નથી ને.? જો ન હોય તો તે સારી વાત છે, પણ જો હોય તો અત્યારથી જ તેમાં બદલાવ લાવવાનો પ્રયત્ન કરવા લાગો. સતત લાંબા સમય સુધી આ પ્રકારના વિચારો કરવા કે વાક્યો બોલવા તમારા આંતરમનમાં પણ નકારાત્મકતા ઊભી કરી દે છે અને નકારાત્મકતાનું ઘર થતા વાર લાગતી નથી. તે ક્યારે સંપૂર્ણ મન પર કાબૂ કરી લે છે, તે તમે પોતે પણ સમજી શકશો નહી.

સમજી વિચારીને બોલવું

તમે ઘણીવાર કુટુંબમાં કે ઘરમાં વડીલોને કહેતા સાંભળ્યા હશે કે ભાઇ શુભ શુભ બોલો. આ એક નાનકડા વાક્ય પાછળ ઘણું ઊંડાણ રહેલું છે. જો આપણે સારું બોલશું તો તેનાથી ફક્ત આપણને જ નહી પણ બીજાને પણ સારું લાગશે અને ઘર-પરિવારનું વાતાવરણ આનંદિત બની રહેશે. તમે એકવાત ખાસ જોઇ હશે કે ક્યારેક અનુભવી પણ હશે કે સતત નકારાત્મક વાતો કરનાર કે પછી ફરીયાદ કરનાર લોકોથી તેમના પરિચિતો, મિત્રો અને સંબંધિઓ થોડા દૂર રહે છે. તેનું એક ખાસ કારણ છે કે કોઇપણ વ્યક્તિને રોજ એકની એક વાતો અને નકારાત્મક વાતાવરણ કંટાળાજનક અને ભારરૂપ બનાવી દે છે.

દરેક વ્યક્તિને તેના જીવન સાથે જોડાયેલી સજીવ અને નિર્જીવ દરેક પ્રકારની વસ્તુઓ અને વ્યક્તિઓ સામે ફરીયાદ હોય છે. જો શાંતિથી તેનો માર્ગ કાઢવામાં આવે તો ફરીયાદો ઓછી થવા લાગે છે, પણ ફરીયાદો સતત કર્યા જ કરીએ તો તે નકારાત્મકતા ઊભી કરી દે છે. તેમાં પણ જો આવી કંટાળાજનક વાતો સતત કોઇની સામે રજૂ કર્યા કરીએ તો સામેવાળી વ્યક્તિના મનમાં તમારી છાપ ખરાબ બનવા લાગશે. તે તમારી સાથે સંબંધ ઓછો કરવાનો પ્રયત્ન કરશે. આ રીતે ધીમે ધીમે તમારી નજીકની વ્યક્તિઓની સંખ્યા શૂન્ય સુધી પહોંચતા વાર નહીં લાગે.

સતત ન બોલવું

સતત એક જ પ્રકારની કેસેટ વાગતી હોય તો મગજ ભમી જાય છે, તે સત્ય હકીકત છે, એટલે જ પોતાની વાણી અને વિચારોને બને તેટલા કાબૂમાં રાખવાનો પ્રયત્ન દરેક વ્યક્તિએ કરવો જોઇએ. આપણે જાણીયે છીએ કે સ્ત્રીઓને એકનીએક વાત સો વાર કરવાની આદત હોય છે. આવું પુરુષો પણ કરતા હોય છે. જ્યારે પોતાના મન પર કાબૂ ન રહે કે પોતે કોઇ વાતને બીજા પાસે પૂરી ન કરાવી શકે ત્યારે એકની એક વાતનું અને પોતાની બડાઇઓ મારવાનું તે બીજા પાસે શરૂ કરી દેતા હોય છે. કોઇપણ વાતની શરૂઆત કે રજૂઆત કરતા પહેલા હંમેશા કેવા શબ્દોનો પ્રયોગ કરી રહ્યા છીએ અને તે સમયે આપણી વાણી પર કઇ રીતનો કંન્ટ્રોલ રાખી રહ્યા છીએ તે ખાસ ધ્યાન રાખવું જોઇએ. ક્યારેક તમારી વાણીમાંથી નીકળતા શબ્દો દ્વારા સામેવાળાનું અપમાન થતું નથી પણ તેનાથી સામેવાળી વ્યક્તિ ચોક્કસ તમારી કિંમત માપી લેશે.

મિજાજરાખો કાબૂમાં

કેટલાક લોકોનો મિજાજ નાની નાની બાબતોને કારણે ખરાબ થઇ જતો હોય છે. રસ્તામાં ટ્રાફિક જામ થઇ ગયો હોય. ઘરે પોતાનો મોબાઇલ ભૂલી ગયા હોય. ભૂખ લાગી હોય પણ રસોઇ તૈયાર ન હોય. આવી નાની અને નકામી બાબતો મિજાજ ખરાબ કરવા માટે પૂરતી છે. તે સિવાય જીવનસાથી જો વ્યવસ્થિત રીતે રહેતો કે રહેતી ન હોય તો પણ મિજાજ ખરાબ થઇ જાય છે.

આ દરેક બાબતોનો ઉકેલ છે, જો તે ઉકેલ શોધીને તેને અમલમાં મૂકીએ તો મિજાજ ને તો રોજ આનંદિત કરી અને કરાવી શકીએ છીએ. ટ્રાફીકમાંથી બચવા ઘરેથી થોડા વહેલા નીકળો, પોતાની દરેક વસ્તુઓને યોગ્ય સ્થાને રાખો. ક્યારેક ભૂખ વધારે લાગી હોય તો ઘરે જતા પહેલા રસ્તામાંથી પણ કંઇક સાથે લઇ જઇ શકો છો.

જો જીવનસાથીને તમારા પ્રમાણે રાખવા હોય તો તમારી વાતને મનાવવા માટે સારી અને પ્રિય વાણીનો સહારો સૌથી બેસ્ટ રહેશે. આ રીતે તમારી નાની નાની અનેક મુશ્કેલીઓને તમે ઘણા અંશે ઓછી કરી શકશો. જ્યારે બીજાના મિજાજનો સવાલ હોય ત્યારે એક વાતને ખાસ ધ્યાનમાં રાખો કે દુનિયા આપણા કહ્યા પ્રમાણે ચાલતી નથી, પણ આપણે પોતે જ પરિસ્થિતી પ્રમાણે રહેતા શીખવું પડે છે.

તમારે પહેલેથી જ એક વાતને મનમાં સ્થાન આપી દેવું કે મૂડને બગાડનાર લોકો દરેક જગ્યાએ મળવાના છે, આવા લોકોથી બચવાનો કે તેમનો સામનો કરવાનો સૌથી સારો ઉપાય એક જ છે કે તેમની વાતોને ક્યારેય મન પર લેવી નહીં. રોજ સવારે સૂઇને ઊઠો ત્યારે પોતાની જાતને એક જ સારું વાક્ય કહો કે આજનો દિવસ ખૂબ જ સુંદર વિતશે. આ એક રીતને તમારા જીવનમાં અપનાવી જુઓ, તમે ખૂબ સારો અનુભવ કરશો.

વાણી, વિચારનો સુંદર અને સમજણપૂર્વક ઉપયોગ કરશો તો તે ફક્ત તમને જ નહીં તમારી આવનારી પેઢી પર પણ સારી છાપ છોડશે, કારણકે બાળકો હંમેશા ઘરના મોટા વ્યક્તિઓનું જ અનુકરણ કરતા હોય છે, જો બાળકો જ નકારાત્મક શબ્દો સાંભળશે તો તેમનું વર્તન અને વિચારો પણ એવા જ બનશે. શબ્દોને સાચવીને સંભાળીને સાચી રીતે રજૂ કરવાથી જો આપણી દુનિયામાં ખુશી અને પ્રેમ વધતો હોય તો તેને અપનાવી લેવામાં જરાપણ મોડું કરવું જોઇએ નહી.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની આજ ૫ પદ્ય રચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવે છે

વિષય : રાગ - રાગીણી .દિવસ - ૨

www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
રચના ચેકકરનાર :જયશ્રીબેન પટેલ,અરૂણાબેન ત્રિવેદી
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews.com

---

NOG SS :- 0038

વિભાગ :- પદ્ય

શીર્ષક :- જિંદગીનો રાગ.

રાગ છેડયો મધુરો જિંદગીએ,
સાંભળી મન લલચાયું રે.
મોહ માયાનાં બંધને બાંધી,
લાલચનું સંગીત વગાડ્યું રે.
દોડીદોડી કરતો કામ તોયે,
નિરાંતનો રાગ ના આવ્યો રે.
આગળ વધવા માનવતા ભૂલીને,
ધન કમાવા લાગ્યો રે.
મધુરું સંગીત સદગુણોનું,
રાગ એનો ના સમજાયો રે.
હ્રદયનાં એ સાચા તાંતણે,
સત્યનો સૂર ના નીકળ્યો રે.
સાચું ખોટું ના જાણી શક્યો,
મફતનાં ભાવમાં દોડયો રે.
માનવતાનું ભાથું ના ભર્યું,
અંતે માનવ છેતરાયો રે.
"આકાંક્ષા" એની વધતી રહી,
અધવચ્ચે અટવાયો રે.

શીલા પટેલ" આકાંક્ષા"

---

NOG SS No : 100

વિષય : રાગ રાગિણી

શીર્ષક : મારે ગાવો છે જીવન રાગ

મારે અંતર લાગી છે આગ,
મારે ગાવો છે જીવન રાગ.
ગીત મહી ઘૂંટું કદંબને આજ,
મારે ગાવો છે જીવન રાગ.
મન મોરલીમાં નહિ છેડું રાગ,
મારે ગાવો છે જીવન રાગ.
તત્વમાં નિઃશબ્દ ભળવું આજ,
મારે ગાવો છે જીવન રાગ.
ફરફરે છે શબ્દોની ધજા આજ,
મારે ગાવો છે જીવન રાગ.
તાનસેન શબ્દોથી બળે આજ,
મારે ગાવો છે જીવન રાગ.
વાદળો કેમ આસું સારતા આજ,
મારે ગાવો છે જીવન રાગ.
થઈ છલોછલ પછી છલકા આજ,
મારે ગાવો છે જીવન રાગ.
રંગ, મહેક, ફૂલોને વાચું આજ,
મારે ગાવો છે જીવન રાગ.
અત્તરનો કળશ ભીતર દટાયો આજ,
મારે ગાવો છે જીવન રાગ.
કોઈ કારણ વગર ડૂમો ભર્યો આજ,
મારે ગાવો છે જીવન રાગ.
ભૈરવી સંબંધ ગાયો છે મેં આજ,
મારે ગાવો છે જીવન રાગ.
જીવતી જગાની નોંધ લીધી આજ,
મારે ગાવો છે જીવન રાગ.
શ્વાસ જેવા સખાનો આધાર છે આજ,
મારે ગાવો છે જીવન રાગ.
તમે ગાન છેડ્યાં ને અમે પલળ્યાં આજ,
ઘનશ્યામ તે ગર્જનાથી ખેડ્યાં છે રાગ.
મારે ગાવો છે જીવન રાગ.
મારે ગાવો છે જીવન રાગ.

બીજલ જગડ,મુંબઈ ઘાટકોપર

---

NOG SS NO :- 0010

વિષય :- રાગ રાગીણી

શીર્ષક :- સૂર તાલ

રાગ તમે ને રાગીણી છીએ અમે ને,
સૂર તમે ને સરગમ છીએ અમે ને,
મિલાવીને સાત રંગ છેડીને રાગને,
રાગીણીને સંગ જીવનમાં ભળીને,
જિંદગીની થાય મધુર સફરને,
સૂરને તાલ સંગ મિલાવી કદમને,
રાગ તમે ને રાગીણી છીએ અમે ને,
સૂર તમે ને સરગમ છીએ અમે ને,
નીની સાસા ગગ સાસા
ગગ મમ ગગ મમ પપ
પની નીસા પની નીસા
સા ની સા ની પ મ ગ
મ ગ ની સા
સા ગ મ પ મ પ ની સા
પનીસા પનીસા
પ ની ની સા
પ ની ની સા....
રાગને નામે બની મોરપીંછને,
પૂરી રંગ પીંછામાં બની કલગીને,
બનીને વાટ કોડિયાની રાગીણીને,
અજવાળું પાથર્યું તમે બની પ્રકાશને,
રાગ તમે ને રાગીણી છીએ અમે ને,
સૂર તમે ને સરગમ છીએ અમે ને.
રાગને રાગીણીથી દૂર કરીને,
અસંભવ બને દુનિયામાં જીવનને,
ધરાને મળવા નભ પણ વરસીને,
એમ જ રાગમાં રાગીણી ભળીને.
રાગ તમે ને રાગીણી છીએ અમે ને,
સૂર તમે ને સરગમ છીએ અમે ને.

દીપ્તિ પટેલ' શ્રીકૃપા', વડોદરા.

---

NOG SS No : 0096

પ્રકાર : પદ્ય

શીર્ષક : રાગિણી

કોણ સંભળાવે આ મધુવને રાગિણી?
મલપતી ચાલી આવે રાગ કને રાગિણી.
સફર, આ જીવનની સુરીલી બની જાય,
જો હું બની જાઉં રાગ ને તું બને રાગિણી..
આકાશે ચંદ્રને બાહુપાશે લીન જોઈ ચાંદની, શરમે મલકાતી તું આવે ને બનેઠને રાગિણી..
તું જ મત્લા, કાફિયા ને ગાયકી ગઝલની,
સજાવી મેં સદા સપ્તસૂરોથી તને રાગિણી..
કાફી હો આરંભે ને અંતમાં હો ભૈરવી પણ,
બની માલકૌંસ કદીક રિઝવે તું મને રાગિણી..

નિષ્ઠા વછરાજાની,વડોદરા

---

N . O . G. SS NO. - 0026

વિષય - રાગ - રાગિણી

પ્રકાર - ગઝલ

લગા ૮

શીર્ષકઃ ગઝલ

કે રાગ જેવું ક્યાં કદી ય ગણગણી શકાય છે?
એ પાઠ રાગીણીઓનાં તો ક્યાં ભણી શકાય છે?
આ રાગનાં એ વસ્ત્ર ફાટલું કે તું વણી શકે!
રહ્યાં અગર જો બેસૂરા, એ ક્યાં વણી શકાય છે?
હૃદયમાં હોય ઘાવ તો ઘણાં ય રાગ બોલશે ,
પીડા પછી વધારવા એ ક્યાં ખણી શકાય છે?
ગણી શકું અગર કહો બધાંય તારલાં કદી,
મળ્યાં જે ઘાવ આપનાં, એ ક્યાં ગણી શકાય છે?
સગાં, સંબંધ, પ્રેમ એ બધુંયે સ્વાર્થ લાગતું,
રહી ખબર મને છતાં ક્યાં અવગણી શકાય છે?

અંજના ગાંધી "મૌનુ" ,વડોદરા

---

NOG SS NO :004

ચાલશે ૬

પહેલાનાં પાંચ ચાલશે માં આપણે જોયું હતું લોકડાઉન ની પરિસ્થિતિ વચ્ચે ખૂબ ઝઝૂમ્યા.. ધીરે ધીરે નવેમ્બર ૨૦ નું આગમન થયું લોકો દિવાળીનાં મૂડમાં આવ્યાં. અરે હું પણ વડોદરાથી ફ્લાઈટમાં ૮મીની આસપાસ પહોંચી ગઈ ગુડગાંવ ... દિલ્હી એરપોર્ટ પર માસ્ક પહેરીને ઉતરી ત્યારે વિશ્વાસ આવ્યો કે માનવ ફરી શકે છે..!

હાશ! પણ એક ગભરાટ તો ચૌદ દિવસ સુધી રહ્યો.. ખોટું નહિ કહું! પણ કુટુંબ સાથે સરસ મજાની ઘરમાં રહી ઓછા ફટાકડાં સાથે દિવાળી ઉજવી, દિલ્હીની લાઈટો જોઈ ને આનંદ મનાવ્યો. અરે ! માનવ સમજ્યો ચાલો કોરોના હવે નહિવંત જેવો જ છે.. ચાલશે માસ્કને છોડો ને માસ્કહીન મુંબઈગરાઓ લોકલ ટ્રેન અને બસમાં બિંદાસ્ત થઈ ગયાં. પેલી ચુંટણી આવી અને સરકાર પણ સૌમ્ય પણું આદર્યું , તો નવા સ્ટેડિયમમાં પણ બાળગોપાળ મોટા નાના સર્વે પહોંચી ગયાં, સ્કૂલમાં મોકલવા મા બાપ હિચકિચાયાને મેચ જોવા દોઢલાખ લોકો કોરોનાને ભૂલી ગયાં. ટિકિટ ખર્ચી ક્રિકેટરોના ગજવા , તો સ્ટેડિયમનાં પૈસા છલકાવી આવ્યાં ને ગજવામાં કોરોના નામનું રીસ્ક ભરતા આવ્યા. બરસાનામાં હોળી ન ટળી .. ત્યારે લોકો પાસે ખૂબ પૈસા ને ખર્ચ કરવા આનંદ હતો, હર્ષ હતો ઉલ્લાસ હતો...ને આવી પરિસ્થિતિ ફરી સામનો કરવાની તો .. સરકાર પર તવાઈ કરવા ઊભા થયાં. શું તમારું માસ્ક નહિ પહેરું ચાલશે, સેનીટાઈઝ નહિ કરું ચાલશે, સોસિયલ ડીસ્ટન્સ નહિ રાખું તો ચાલશે..! તમને જ અઘરું નથી પડ્યું? અરે કેમ ભૂલી ગયાં કે લગ્નોમાં ભેગા થયાં? શું સાદાઇથી ન થાત! બસો માણસ આવે તો જ લગ્નને પ્રભુ કે સમાજ મંજૂરી આપશે..!

વેક્શીન લેવા ગઈ તો એક કાકા બોલ્યાં," હાશ! વિશ્વનું સૌથી મોટું કામ પૂર્ણ થયું મારે તો!" હું બે મિનિટ હિચકિચાટ સાથે ઊભી રહી ગઈ. મનમાં થયું શું વિશ્વ માટે કે તમારી સેફ્ટી માટે કે તમારી સાથેના પાર્ટનર માટે... કોના માટે લીધું?

મે તો ખરેખર યાદ કર્યા દિવસ રાત મચી પડેલા રીસર્ચ કરનારા વૈજ્ઞાનિકોને તેની સાથે કદમથી કદમ મેળવનાર તેમના સાથીદારોને... વેક્શીન આપનાર તે કોરોનાવોર્યરોને.. આભાર એ સર્વેનો કે મને કે મારા જેવા અનેકોને રક્ષણ આપવા મહેનત કરી રહ્યાં છે. મને તો હજું ત્રીજો બુસ્ટર ડોઝ પણ લેવો પડશે તો પણ ચાલશે

જયશ્રી પટેલ

---

# ઉત્તરવાહિની નર્મદા પરિક્રમા

૧૨ એપ્રિલ-૨૦૨૧ થી ૧૧મે-૨૦૨૧

આ પરિક્રમા રામપુરા ચ રાજપીપલા નર્મદા કિનારે ્ થી કીડી મકોડી ઘાટ-દન્ડી સ્વામી યોગાનંદ તિર્થધામ ધનેશ્વર મહાદેવ- મંગલેશ્વર મહાદેવ- કાશી વિશ્વનાથ મહાદેવ, અવધૂત આશ્રમ તપોવન આશ્રમ, ગોપાલેશ્વર મહાદેવ, રામાનંદ આશ્રમ, સીતારામ બાપા આશ્રમથી હોડીમાં બેસી પેલેપાર મણિનાગેશ્વર, કપિલેશ્વર મહાદેવ, વાસન રેગણ ગામ, કામનાથ મહાદેવ મંદિરેથી હોડીમાં બેસી નર્મદાજી પાર કરી કીડી મકોડી ઘાટમાં સ્નાન કરી રણછોડજી મંદિર દર્શન કરી યાત્રાનું સમાપન થશે.

ફાગણ વદ-અમાસથી શરુ થઈ ચૈત્ર વદ અમાસ સુધી આખ્ખા મહિના દરમ્યાન આ પરિક્રમા કરવામાં આવે છે .અંદાજીત ૧૬ કી.મી. આસપાસની આ પરિક્રમા નર્મદા નદીના કિનારે કિનારે કરવાની હોય છે ,જેમાં નદી કાંઠો , કાંઠાના આશ્રમો , ખેતરો , રસ્તાઓ થઈને પસાર થવાનો એક અનોખો અનુભવ થાય છે. જે લોકો નર્મદા મૈયાની આખી પરિક્રમા ના કરી શકે તેમ હોય તેઓ આ ઉત્તરવાહિની પરિક્રમા કરીને સંતોષ માને છે. નદીમાં સ્નાન કરવાથી શરીરનો બધો જ થાક ઉતરી જાય છે. પરિક્રમા દરમ્યાન બે વાર હોડીમાં બેસીને નદી પાર કરવાની હોય છે .ગુજરાત ઉપરાંત મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાંથી પણ અનેક ભાવિક ભક્તો આ પરિક્રમા કરવા આવી પહોંચે છે

માત્ર એકજ દિવસમાં આ પરિક્રમા પુરી થઈ જાય છે .

ઉપર દર્શાવેલ સમયમર્યાદામાં કોઇ પણ એક દિવસ નક્કી કરીને આપ આ યાત્રા પુરી કરી શકો છો .જો સવારે ૪ થી ૫ વાગે પરિક્રમાનો પ્રારંભ કરવામાં આવે તો બપોરના ૨ થી ૪ સુધીમાં આરામથી યાત્રા સંપન્ન થઈ જાય છે. નદી કાંઠાના આશ્રમોમાં ચા-નાસ્તો-ભોજન અને ઉતારાની વ્યવસ્થા હોય છે .સ્વયંસેવકો પણ ખડે પગે હોય છે. કશીજ તકલીફ પડતી નથી. એટલે કુદરતના ખોળામાં ફરવાનો જેને શોખ હોય તેઓ માટે આ નાનકડી યાત્રા ખુબ આવકાર્ય બની રહે છે.

નર્મદા કાંઠાના ઝાડ , વનસ્પતિઓ , ખેતરો , મંદિરો , ઘાટ , ઢોળાવ , નદીમાં તરતી હોડીઓ , નિર્મળ વહેતું પાણી , તેની ઠંડક અને રસ્તામાં પદયાત્રિઓ દ્વારા ગુંજતો ' નર્મદે હર ' નો નાદ આપને એક અનોખી અનુભૂતિ કરાવે છે

આ પરિક્રમા વિશેના ઐતિહાસિક તથ્યો જોઇએ તો એવી માન્યતા છે માર્કન્ડ ઋષિએ આ પ્રથમ ઉત્તરવાહિની નર્મદા પરિક્રમા કરી હતી. ત્યારથી ભાવિક ભક્તો આ પરિક્રમા કરી પૂણ્ય કમાય છે. બલિરાજાના સમયમાં આ પરિક્રમા યુવક-યુવતીઓ માટે ફરજીયાત કરવાની હતી. આ પરિક્રમા યુવક-યુવતી કરે ત્યાર બાદ લગ્નની સંમતિ આપવામાં આવતી હતી.

કહેવાય છે કે,ભારતીય સંસ્કૃતિ નદી કિનારે વિકસી છે. નદી કિનારે રહેતા લોકોની જિંદગી પણ નદી આધારિત જ હોય છે. ઉપરાંત નર્મદા વિશ્વની એક માત્ર એવી નદી છે કે, જેની પરિક્રમા કરવામાં આવે છે, ત્યારે હાલ પરિક્રમા વાસીઓ અહીંયા જ નિવાસ કરી રહ્યા છે. શાસ્ત્રો અને પુરાણો માં નર્મદાને ખળખળ વહેતી કહેવાઇ છે .

જેણે ' રેવા ' ગુજરાતી ફિલ્મ ચ ધ્રુવ ભટ્ટની નવલકથા તત્વમસિ પર આધારિત્ જોઇ છે તેઓને નર્મદા નદી અને તેના લોક વિશેની કોઇ વિશેષ જાણકારીની જરુર નહીં પડે. આપની આ યાત્રા નર્મદા મૈયા- રેવા ની પુર્ણ પરિક્રમાનું ટુંકું ટ્રેલર બની રહેશે તેની ખાત્રી રાખશો .

આ લખનારે ચ કનુ યોગી્ રાજપીપળા ખાતે જોબ દરમ્યાન વખતો વખત આ પરિક્રમા કરી છે અને પ્રતિ વર્ષ આ યાત્રામાં જવાની હઠ છોડાય નહીં એટલો અનુરાગ આ નર્મદા ઉત્તરવાહિની પરિક્રમા પ્રત્યે છે

નોંધ :- સરકારશ્રીની કોવિડને લગતી ગાઈડ લાઇનનું પાલન કરવાનું રહેશે , યોગ્ય અંતર અને સેનેટાઇઝરનો ઉપયોગ કરવો જરુરી છે .

---

# વિશ્વના ટોપ-૨૦ અમીરોની યાદીમાં ગૌતમ અદાણીની એન્ટ્રી

મુંબઇ,તા.૬

વિશ્વના સૌથી ધનિકોના ક્રમાંકમાં અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણી ધીમે ધીમે આગળ વધી રહ્યા છે. ફોર્બ્સની યાદી મુજબ, આજે ૬ એપ્રિલના રોજ તેમની સંપત્તિમાં ૪.૯ અબજ ડોલર (આશરે રૂ. ૩૬,૦૦૦ કરોડ)થી પણ વધારેનો ગ્રોથ થયો છે અને આ સાથે જ વિશ્વના બિલિયોનેરની યાદીમાં તેઓ પહેલીવાર ૨૦મા ક્રમે પહોંચ્યા છે. ફોર્બ્સના રિયલ ટાઈમ ડેટા મુજબ, ગૌતમ અદાણીની નેટવર્થ અત્યારે ૬૧.૪ અબજ ડોલર (અંદાજે રૂ. ૪.૫ લાખ કરોડ) પર પહોંચી છે. ફોર્બ્સ બિલિયોનેર લિસ્ટ ૨૦૨૦ મુજબ, ગૌતમ અદાણી ૮.૯ અબજ ડોલર (અંદાજે રૂ. ૬૫,૩૦૦ કરોડ)ની સંપત્તિ સાથે વિશ્વના અમીરોમાં ૧૫૫મા ક્રમે હતા. આ રીતે જોઈએ તો ૨૦૨૦ની તુલનાએ ગૌતમ અદાણીની નેટવર્થ અંદાજે ૮ ગણી વધી છે.એક સમયે રિલાયન્સના ચેરમેન મુકેશ અંબાણી વિશ્વના અમીરોની યાદીમાં ૫મા ક્રમે પહોંચી ગયા હતા, જોકે ૨૦૨૧ની શરૂઆતથી તેમની નેટવર્થમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. ફોર્બ્સ રિયલ ટાઈમ બિલિયોનેર લિસ્ટ મુજબ, આજે ૬ એપ્રિલે મુકેશ અંબાણીની નેટવર્થ ૧.૮ અબજ ડોલર (આશરે ૧૩,૨૦૦ કરોડ) ઘટીને ૭૬.૪ અબજ ડોલર (અંદાજે રૂ. ૫.૬૦ લાખ કરોડ) થઈ છે. આ યાદીમાં અંબાણી નીચે ઊતરીને ૧૨મા ક્રમે પહોંચ્યા છે.

---

## સુરતમાં મુખ્યમંત્રી-ના.મુખ્યમંત્રીએ પરિસ્થિતિની સમીક્ષા કરી

# રાજ્યમાં હજુ પણ કોરોનાના કેસ વધશે, લોકો ગભરાય નહિઃ રૂપાણી

સુરત,તા.

ગુજરાતમાં કોરોના કાબૂ બહાર જતાં ચિંતાના વાદળો ઘેરાયા છે. જેને પગલે ગુજરાત હાઈકોર્ટે પર ગુજરાત સરકારને લોકડાઉન કે કરફ્યૂ લાદવા નિર્દેશ કર્યો હતો. જે બાદ સીએમ વિજય રૂપાણીએ પ્રેસ કોન્ફરન્સને સંબોધન કર્યું હતું. અને ગુજરાત હાઈકોર્ટની લોકડાઉનની ટિપ્પણી અંગે પણ તેઓએ નિવેદન આપ્યું હતું. સીએમ રૂપાણીએ કહ્યું કે, દેશ અને ગુજરાતમાં કોરોનાનાં કેસ વધ્યા છે. અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરામાં ટોટલ કેસના ૬૦ ટકા કેસ જોવા મળે છે. અન્ય જિલ્લાઓમાં પણ કેસ વધ્યા છે. છેલ્લા ૧ વર્ષથી કોરોના સામે સંઘર્ષ કરતાં આવ્યા છીએ. હાલમાં કોરોનાનું વાતાવરણ જોતાં લાગે છે કે કેસ વધશે. પણ તેનાથી ડરવાની જરૂર નથી. પણ સાવચેતી રાખવાની જરૂર છે. અને એટલા માટે વેક્સિનેશન વધાર્યું છે. હાલ ગુજરાતમાં રોજ ૪ લાખથી વધુ લોકોને રસી આપવામાં આવે છે. ૭૦ લાખ લોકોને રસી આપી દેવામાં આવી છે. ઝડપથી લોકોને વેક્સિન લાગવા મંડે અને બીજો રાઉન્ડ પણ પતે એ ઈલાજ આપણા હાથમાં આવ્યો છે. વર્ષ પહેલાં હથિયાર આપણી પાસે ન હતું. અને હવે રસી આપણા હાથમાં છે. એટલે લોકો રસી લગાવે તેમ વિનંતી કરું છું. ૯૮ ટકા લોકો માસ્ક પહેરવાને કારણે બચી જાય છે. માસ્ક વ્યવસ્થિત પહેરે તેવી લોકોને અપીલ છે. કોરોનાનું સંક્રમણ ઓછામાં ઓછું થાય તેટલે ટેસ્ટિંગ વધાર્યું છે. આજે લગભગ ૧ લાખ ૨૦ હજાર સુધી રોજ ટેસ્ટિંગ કરી રહ્યા છે. ટેસ્ટિંગ પછી ટ્રેસિંગ કરીને ટેસ્ટ કરી રહ્યા છીએ. પોઝિટિવ કેસ આવે તેનું ટ્રીટમેન્ટ વધારે થાય તેના માટે સરકારે ૧૦૪ની સુવિધા શરૂ કરી છે. ૧૦૪ પર કોલ કરતાં જ સારવાર શરૂ કરી દેવામાં આવે છે. સંજીવની રથ પણ હોમ ક્વોરન્ટાઈન દર્દી માટે શરૂ કરાયા છે.

સુરતમાં ૧૦૦ સંજીવની રથ ઘરે સારવાર લઈ રહ્યા છે તેમના માટે શરૂ કરવામાં આવશે. એક નિર્ણય કર્યો છે કે સુરતમાં ખાનગી નર્સિંગ હોમ કે જે ૧૦-૨૦ બેડ નર્સિંગ હોમ ચલાવે છે તે લોકોને માઈલ્ડ અને એસિમ્પ્ટોમેટિક કેસની સારવાર કરી શકે છે. જેથી કોવિડ રજીસ્ટર હોસ્પિટલમાં આ પ્રકારના માઈલ્ડ દર્દીથી બેડ રોકાઈ નહીં. અને સીરિયસ કેસ છે તેના માટે હોસ્પિટલમાં બેડ મળે.



સુરતમાં ૮૦૦ બેડની કિડની હોસ્પિટલમાં વધારવામાં આવશે. નવા ૩૦૦ વેન્ટિલેટર સુરતને મળશે. ખાનગી હોસ્પિટલમાં પણ વેન્ટિલેટર આપવામાં આવશે. રેમડેસિવિર ઈન્જેક્શનના ૩ લાખ જથ્થાનો ઓર્ડર આપ્યો છે. ગુજરાતમાં કેડિલા ઝાયડ્સ કંપની ઈન્જેક્શન આપે છે. સરકારી હોસ્પિટલમાં મફતમાં ઈન્જેક્શન આપવામાં આવશે. જ્યારે ખાનગી હોસ્પિટલમાં જ દર્દીઓને જોતાં સીધા હોસ્પિટલને જ ઈન્જેક્શન આપવામાં આવશે. અને તેની અછત ન સર્જાઈ તેના માટે સરકારે પ્લાનિંગ કરી રાખ્યું છે.

---

# વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીની તબિયત લથડી, કરાઈ એન્જોપ્લાસ્ટી

અમદાવાદ,તા.૬

ગુજરાતમાં કોરોના હાહાકાર મચાવી રહ્યો છે અને સંક્રમણ અનેકગણું ફેલાઈ ગયુ છે ત્યારે ધારાસભ્ય અને વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીની સોમવારે રાત્રે તબિયત લથડતાં તેઓ ને અમદાવાદની યુએન મહેતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મળતી માહિતી અનુસાર, વિધાનસભા અધ્યક્ષ અને વડોદરા રાવપુરા ના ધારાસભ્ય રાજેન્દ્ર ત્રિવેદીએ ગતરોજ સોમવારે સાંજે ૬-૩૦ વાગ્યે ભારતીય જનતા પાર્ટીની ઓનલાઈન બેઠકમાં ભાગ પણ લીધો હતો. દરમિયાન રાત્રે તેમણે હૃદયને સંબંધિત તકલીફ થતાં અમદાવાદની યુએન મહેતા હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. તેમને હાર્ટ સંબંધિત સમસ્યા સર્જાઇ હોવાનું સામે આવ્યું છે.વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીની રાત્રે એન્જોપ્લાસ્ટી કરવામાં આવી હતી.

---

# ૩૦ એપ્રિલ સુધી રાત્રે ૧૦થી સવારના ૫ વાગ્યા સુધી નાઈટ કર્ફ્યૂ લાગુ રહેશે

ન્યુ દિલ્હી,તા.૬

દિલ્હીમાં કોરોના વાયરસના વધતાં કેસને જોતાં સરકાર દ્વારા નાઈટ કર્ફ્યૂ લગાવવામાં આવ્યું છે. રાત્રે ૧૦થી સવારના ૫ વાગ્યા સુધી દિલ્હીમાં નાઈટ કર્ફ્યૂ લાગુ રહેશે. દિલ્હી સરકાર દ્વારા આ આદેશ તાત્કાલિક ધોરણે લાગુ કરી દેવાના આદેશ આપવામાં આવ્યા છે. આ નાઈટ કર્ફ્યૂનો નિર્ણય ૩૦મી એપ્રિલ સુધી લાગુ રહેશે.

દિલ્હી સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી ગાઈડલાઇન અનુસાર ટ્રાફિક મૂવમેન્ટમાં જે લોકોને વેક્સિન લેવા જવું હોય તો જઈ શકાશે પણ તેમણે ઈ-પાસની જરૂર પડશે. રૅશન, કિરાણા, ફળ-શાકભાજી, દૂધ-દવા સાથે જોડાયેલા લોકોએ પણ ઈ-પાસની જરૂર પડશે. આ સિવાય પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાએ પણ ઈપાસની મદદથી મૂવમેન્ટની મંજૂરી આપવામાં આવશે તથા આઈડી કાર્ડની મદદથી પેરામેડિકલ સ્ટાફના લોકોએ છૂટ રહેશે. ગર્ભવતી મહિલાઓ તથા સારવાર માટે જઈ રહેલા દર્દીઓને પણ છૂટ આપવામાં આવી છે.

દિલ્હીમાં કોરોના વાયરસના આંકડામાં સતત વધારો જોવા મળી રહ્યો છે. એક સપ્તાહમાં દિલ્હીમાં ૩૫૦૦ કેસ સામે આવ્યા છે. દિલ્હીમાં પાંચમી એપ્રિલે કોરોના વાયરસના ૩૫૪૮ કેસ સામે આવ્યા છે જ્યારે ૧૫ના મોત થાય છે. હાલમાં દિલ્હીમાં ૧૪, ૫૮૯ એક્ટિવ કેસ છે.

---

# અંધ ભક્તકી પુકાર

રૂપાણી જી, ગુજરાત ના મહાનગરો માં કોરોના એ ભરડો લીધો છે.ચિકિત્સાલય માં જગ્યા નથી.

આપ લોક ડાઉન લાવો અથવા મિની લોક ડાઉન એટલે કે આંશિક બંધ કરો. અરે સાહેબ કઈ નહિ તો ધારા ૧૪૪ તો લગાવો...

અસરદાર મુખ્યમંત્રી સાબિત તો કરો...

દરેક હોસ્પિટલ મા એજન્ટ સક્રિય છે તેવું પ્રતીત થયું છે માટે હોસ્પિટલ માં કૃત્રિમ ભીડ બતાવી ને નવા દર્દી ને જગ્યા નથી કહી ને ટલ્લાવે છે.મારો જાત અનુભવ છે.

સરકાર ને નમ્ર વિનંતી છે કે સરકારી ખાનગી હોસ્પિટલ ની સાચી સ્થિતિ ઓનલાઇન કરે.

કેટલા દર્દી દાખલ છે ?
કેટલા પલંગ ખાલી છે ?
કેટલા દર્દી દિવસ દરમ્યાન સાજા થયા ?
કેટલાં દર્દી ની નિધન થયું ?

આ બધીજ માહિતી ઓનલાઇન થાય તેનું આયોજન સરકારે અતિ શીઘ્ર અમલમાં લાવું જોઈએ

દરેક હોસ્પિટલ મા એજન્ટ સક્રિય છે તેવું પ્રતીત થયું છે માટે હોસ્પિટલ માં કૃત્રિમ ભીડ બતાવી ને નવા દર્દી ને જગ્યા નથી કહી ને ટલ્લાવે છે.મારો જાત અનુભવ છે.

સરકાર ને નમ્ર વિનંતી છે કે સરકારી ખાનગી હોસ્પિટલ ની સાચી સ્થિતિ ઓનલાઇન કરે.

કેટલા દર્દી દાખલ છે ?
કેટલા પલંગ ખાલી છે ?
કેટલા દર્દી દિવસ દરમ્યાન સાજા થયા ?
કેટલાં દર્દી ની નિધન થયું ?

આ બધીજ માહિતી ઓનલાઇન થાય તેનું આયોજન સરકારે અતિ શીઘ્ર અમલમાં લાવું જોઈએ.

સરકાર પોતે લોક ડાઉન લાવવા લાલાયિત હતી પણ રેલી મેચ રમાડી ભીડ ભેગી કરી માટે પ્રજાનો આક્રોશ સહન કરવો પડે.માટે હાઇકોર્ટ દ્વારા લોક ડાઉન લાવવાનો કીમિયો અપનાવ્યો હોય તેવું લાગે છે.

જય શ્રી કૃષ્ણ...
ભારત માતા કી જય...
વન્દે માતરમ્...

**કોવિડ કેર સેન્ટરની ૩૫૦ની ક્ષમતા ઉપરાંત જરૂર પડ્યે તાલુકાકક્ષાએ કોવિડ કેર સેન્ટર ઉભા કરવાની તૈયારીઓ પૂર્ણ**

# નર્મદા જિલ્લામાં ૪૫ વર્ષથી વધુની વયના ૧,૪૭,૦૫૨ ના લક્ષ્યાંક સામે સુધીમાં ૫૫ હજારથી વધુને કોરોના વિરોધી વેક્સીન અપાઇ

રાજપીપલાતા ૬

૪૫ વર્ષથી વધુ વયના તમામ લોકોને કોરોના વિરોધી રસીકરણ હેઠળ આવરી લેવાની હાથ ધરાયેલી ખાસ ઝુંબેશના ભાગરૂપે રસીકરણની કામગીરી આગળ ધપી રહી છે, આજે રાજપીપલાના શહેરી વિસ્તારમાં સુપર સ્પ્રેડર તરીકે લારીગલ્લાવાળાઓને વેકસીન આપવાની અને કોવિડ-૧૯ ના ટેસ્ટીંગની કામગીરી હાથ ધરાયેલ છે. ૧૦૦ થી વધુ લારીગલ્લાવાળાઓનું શાકમાર્કેટમાં સુપરસ્પ્રેડર તરીકે ટેસ્ટીંગ કરવામાં આવ્યું છે.

કોવિડ-૧૯ ની પ્રવર્તમાન પરિસ્થિતિને લક્ષમાં લઇને જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા જિલ્લાના સેલંબા, દેડિયાપાડા, સિસોદરા, ગરૂડેશ્વર વગેરે જેવા મોટા ગામોના સરપંચોને વિશ્વાસમાં લઇને આ બધા ગામોના બજારો સાંજના ૬=૦૦ વાગ્યા પછી સ્વૈચ્છિક રીતે બંધ રખાય તેવી અપીલ કરાશે અને તે કામગીરી ટૂંક સમયમાં પૂર્ણ કરીશું. ડૉ. આર.એસ.કશ્યપે વધુમાં જણાવ્યું હતુ કે, ૪૫ વર્ષથી ઉપરની વયના નાગરિકોને રસીકરણની કામગીરી અંતર્ગત ૭૫૦વધુ વ્યક્તિઓને રસી અપાઇ ચૂકી છે. જિલ્લામાં ૪૫ વર્ષથી વધુની વયના ૧,૪૭,૦૫૨ વ્યક્તિઓના લક્ષ્યાંક સામે સુધીમાં ૫૫ હજારથી વધુને રસીકરણ કરીને સિધ્ધિ હાંસલ કરેલ છે.

તેની સાથોસાથ જિલ્લામાં ટૂંક સમયમાં દિન-૨ માં સેલંબા,



દેડિયાપાડા, સિસોદરા, ગરૂડેશ્વર અને દેવલીયામાં પાંચ નવા ધન્વંતરી રથની આરોગ્ય સેવાઓ પણ ઉપલબ્ધ કરાશે. રાજપીપલા નગરપાલિકા કચેરી પાછળ આવેલ સ્વામીનારાયણ ગુરૂકુળના સંત સિધ્ધેશ્વર સ્વામીજીએ જણાવ્યું હતુ કે, આજે મે કોવિડ-૧૯ નું વેકસીનેશન કરાવ્યું છે, વેકસીનેશન કર્યા પછી અત્યારે હાલમાં મને કોઇ જ તકલીફ નથી. સને-૨૦૧૨ માં મારી યુરોપ્લાથીની ગંભીર બિમારી હોવા છતાં મારા ગ્લોબલના ડોકટરની ટીમે મને ખાસ ભલામણ અને સૂચનો કરી વેકસીનેશન લેવા માટે જાણ કરી કરી હતી. એટલે આવી અતિ-ગંભીર બિમારી હોવા છતાં સ્હેજ પણ ગભરાયા વગર મેં આજે આ વેકસીન લીધી છે અને વેકસીન લીધા પછી કોઇપણ જાતની હાલમાં આડઅસર નથી. અને આ વેકસીન વિશ્વમાં કોરોનાની જે મહામારી ચાલી રહી છે અને એમાં અત્યારે ગુજરાતની પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને મારે તમામ પ્રજાજન અને જનતાને નમ્ર અપીલ છે કે કોઈપણ જાતની ગભરાહટ વિના ખાસ વેકસીનેશન કરાવવું. આપણી આ સ્વદેશી વેક્સીન હોઇ, તમામ વ્યકિતઓને નિઃસંકોચપણે વેકસીન લેવા અને બીજાને વેકસીન લેવડાવવા સ્વામીજીએ હ્રદયસ્પર્શી અપીલ કરેલ છે.

રિપોર્ટ :જ્યોતિ જગતાપ, રાજપીપલા



ભારતીય જનતા પાર્ટીના ૪૧મા 'સ્થાપનાદિનની ઉજવણી મહાનગરના તમામ ૧૧ વોર્ડમાં ૨૧૦થી વધુ બુથમાં કરવામાં આવી.

## નર્મદા જિલ્લામાં ભાજપનો સ્થાપનાદિન ગૌરવભેર ઉજવાયો

# રાજપીપળા ખાતે ભાજપના કાર્યકરો દ્વારા ચોકલેટ અને બિસ્કીટનું વિતરણ કરાયું

## કાર્યકરોએ પોતાના નિવાસસ્થાને ભારતીય જનતા પાર્ટીનો ધ્વજ ફરકાવ્યો વાવડી ખાતે પણ કાર્યક્રમ યોજાયો

રાજપીપલા, તા ૬

આજે ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિન હોવાથી જિલ્લામાં ઠેર ઠેર તેને ગૌરવદિન તરીકે તેને ઉજવ્યો હતો. જેમાંરાજપીપળા ખાતે ભાજપના કાર્યકરો દ્વારા ચોકલેટ અને બિસ્કીટનું વિતરણ કરાયું હતું. અને કાર્યકરોએ પોતાના નિવાસસ્થાને ભારતીય જનતા પાર્ટીનો ધ્વજ ફરકાવ્યોહતો.

તો વાવડી ખાતે પણ કાર્યક્રમ યોજાયોહતો. વાવડી ખાતે કાર્યકરોને ધ્વજ વિતરણકરાયું હતું તથા વડાપ્રધાન મોદીના ઓનલાઇન કાર્યક્રમને ભાજપના કાર્યકરો અને આગેવાનોએ નિહાળ્યો હતો.

ભાજપ સ્થાપના દિન નિમિત્તે રાજપીપળા શહેરના તમામ કાર્યકરોએ રાજપીપળા ખાતે ગાર્ડન ની સામે ચોકલેટ તથા પારલેજી નું વિતરણ કર્યું હતું તથા મહામંત્રી રાજેન્દ્ર પટેલ ના ઘર



ઉપર રાજપીપળા શહેરના તમામ કાર્યકરોએ ભારતીય જનતા પાર્ટી નો ધ્વજ ફરકાવ્યો હતો

વાવડી તાલુકા પંચાયતના વાવડી બુથ મુકામે ગુજરાત પ્રદેશ આદિ જાતિ મોરચાના અધ્યક્ષ હર્ષદભાઇ વસાવા જિલ્લા ઉપાધ્યક્ષ અનિરુદ્ધસિંહ ગોહિલ તાલુકા પંચાયત સદસ્ય જીતુભાઈ પટેલ ગામના આગેવાન ઈશ્વરભાઈ પટેલ ગામના સરપંચ મહિલા અગ્રણી માજી પ્રદેશ કારોબારી સદસ્ય રંજનબા ગોહિલ ગામના આગેવાન અને પાર્ટીના કાર્યકર્તા તથા ગામના અગ્રણીઓ વચ્ચે ભારતીય જનતા પાર્ટી સ્થાપના દિવસઉજવવામાં આવ્યોહતો. સાથે આદિવાસી મોરચાના અધ્યક્ષ ના હસ્તે કાર્યકર્તાઓ ને પોતાના ઘરે ધ્વજ લગાવવા માટે ધ્વજનું પણ વિતરણ કરવામાં આવ્યુંહતું. અને સાથે પાર્ટીના અધ્યક્ષ શ્રી જે.પી.નડ્ડા જી તેમજ વડાપ્રધાન શનરેન્દ્રભાઈ મોદીના ઓનલાઇન કાર્યક્રમ ને પણ સાથે બેસીને નિહાળવામાં આવ્યોહતો.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

# ચિલ્ડ્રન યુનિવર્સિટી ગાંધીનગર અને SSIT BHAT સંસ્થા દ્વારા સંયુક્ત એમઓયુમાં હસ્તાક્ષર થયા



ચિલ્ડ્રન યુનિવર્સિટી ગાંધીનગર અને SSIT BHAT સંસ્થા દ્વારા સંયુક્ત એમઓયુમાં હસ્તાક્ષર થયા. આ એમઓયુ અંતર્ગત બંને સંસ્થા પરસ્પર ટેકનોલોજી વિજ્ઞાન અને ભારતની અંદર આધુનિક ભારતમાં બાળકોને ફરવા ફરવા ચીન બાળકો લક્ષી વસ્તુઓની આધુનિક રૂપ આપી પ્રચાર-પ્રસાર કરવા માટે પ્લેટફોર્મ પૂરું પાડશે. બાળકો લક્ષ્મી વસ્તુઓને ઈનોવેશન અને સ્ટાર્ટ અપ માટે ભારતના યુવા કોને તૈયાર કરી માનનીય પીએમ નું સ્વપ્ન લોકલ ફોર vocal ના સૂત્ર ને સાર્થક કરશે.આજે વિશ્વની સ્પર્ધામાં ભારત ના બાળકો તૈયાર થાય નાનપણથી જ વૈજ્ઞાનિક ગાણિતિક અને અધોગિક સમજ રમત-રમતમાં કહેવાય તે માટેનું પ્લેટફોર્મ ટેકનોલોજીની મદદથી તૈયાર કરવામાં આવશે. આજની મહામારીમાં છેલ્લા એક વર્ષથી સ્ક્રીનનો વગર લાગી ગયું છે ત્યારે બંને સંસ્થાઓ દ્વારા એનિમેશન ના માધ્યમથી અભ્યાસને સરળ અને રસપ્રદ બનાવવાનો પ્રયાસ કરવામાં આવશે.ચિલ્ડ્રન યુનિવર્સિટી માં થતા બાળકના સંસ્કારો માટેના શોધ-સંશોધન માં એસ એસ આઈ ટી દ્વારા તકનીક જ જ્ઞાનનું આદાન-પ્રદાન કરવામાં આવશે. આ પ્લેટફોર્મ થી એન્જિનિયર વિદ્યાર્થીઓને ભારતમાં ઈનોવેશન ક્ષેત્રે આત્મનિર્ભર થવાની બહોળી તક આપવામાં આવશે.

ચિલ્ડ્રન યુનિવર્સિટી માં ભવિષ્યમાં થનારા ટેકનિકલ પાર્ટનર તરીકે સંસ્થા કાર્યરત રહેશે. આ એમઓયુમાં યુનિવર્સિટીના vice chancellor શ્રી હર્ષદ શાહ સાહેબ તથા શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી ભાટ ગાંધીનગર દ્વારા ભવિષ્યમાં રમકડા સાથે વૈજ્ઞાનિક સિદ્ધાંતો ને ટેકનોલોજીના માધ્યમથી બાળકો સુધી પહોંચાડવું અને એ માટે તજજ્ઞોની ટીમ સાથે તેજસ્વી બાળક તેજસ્વી ભારત નુ સ્વપ્ન સાકાર કરવા પ્રયત્ન કરવામાં આવશે

# નર્મદા કિનારે ગંગા ઘાટ જેવી દરરોજ સાંજે થશે નર્મદા આરતી થશે

રાજપીપલા, તા ૬

સ્ટેચ્યુ ઓફ નજીક નર્મદા નદી કેવડિયા ગોરા ખાતે નર્મદા ઘાટ બની રહ્યો છે. એ પ્રવાસીઓ અને ભક્તો શ્રદ્ધાળુઓ માટે સારા સમાચાર છે. જે રીતે ગંગા ઘાટ પર કિનારે ગંગા આરતી થાય છે એવો ઘાટ હવે નર્મદા કિનારે પણ બનશે.

નર્મદા કિનારે નર્મદા ઘાટ બન્યા પછી ગંગા ઘાટ જેવી દરરોજ સાંજે નર્મદા આરતી થશે .હાલ તંત્ર દ્વારા ઘાટ બનાવવા માટે ની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. હાલ કેવડિયા ખાતે ગોરા પુલ પાસે જેસીબી મશીન દ્વારા નર્મદા કિનારે પથ્થરો તોડી ને ખોદકામ કરી લેવલીગનું કામ શરૂ દીધું છે. જયારે નર્મદા ઘાટસંપૂર્ણ બનશે ત્યારે અહીં નર્મદા આરતી થશે. અહીં નર્મદા જયંતીના કાર્યક્રમો પણ ધામ ધૂમથી ઉજવાશે . રિપોટ : જ્યોતિ જગતાપ, રાજપીપલા

## જાણીતા એડવોકેટ અશ્વિન ત્રિવેદીનું ગાંધીનગર રોટરી ક્લબ દ્વારા સન્માન



**રોટરી ક્લબ ઓફ ગાંધીનગર ના પૂર્વ પ્રમુખ, બ્રહ્મ અગ્રણી, સમાજ સેવક અને જાણીતા એડવોકેટ શ્રી અશ્વિન ત્રિવેદીનું ગાંધીનગર રોટરી ક્લબ દ્વારા કોરોના વોરિયર્સ તરીકે સન્માન કરી કોરોના કાળમાં કરેલ સેવા બદલ રોટરી પ્રમુખ કુલદીપ જૈન તથા ડો. ધર્મેન્દ્ર પટેલ તેમજ પ્રોજેક્ટ ચેરમેન અને પૂર્વ પ્રમુખ શ્રી જસવંત ગાંધી ના વરદ હસ્તે સર્ટીફીકેટ આપી સન્માન કરેલ છે. શ્રી અશ્વિન ત્રિવેદી ની સમાજ સેવા બદલ ગાંધીનગર ના સૌ અગ્રણીઓ સહિત શહેર ના અગ્રણીઓ દ્વારા શુભેચ્છા પાઠવેલ છે.**



**ગાંધીનગર મહાનગર પાલિકા ચૂંટણી નો કોંગ્રેસ પક્ષ દ્વારા ચૂંટણી ઢંઢેરો પ્રેસ માં જાહેર કરવામાં આવ્યો જેમાં પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડા,વિરોધ પક્ષ નેતા પરેશ ધાનાણી,ધારાસભ્ય સી.જે.ચાવડા,પ્રદેશ પ્રવકતા નિશીથ વ્યાસ.હિમાંશુ પટેલ.નિમિષ શાહ,વિરેન્દ્રસિંહ, પ્રભારી વંદનાબેન,લીગલ સેલ પ્રમુખ પ્રદીપસિંહ વાઘેલા,જયદીપસિંહ ઠાકોર...ઉપસ્થિત રહીને પાલિકા માં કોંગ્રેસ નું શાશન આવશે તો આરોગ્ય,શૈક્ષણિક,બાગ બગીચા,બેરોજગારી બાબતે,જન સુખાકારી બાબતે ની કેટલીક બાબતો ના પ્રજાને વચન આપ્યા હતા અને કોંગ્રેસ ના અગિયાર વોર્ડ ના ૪૪ ઉમેદવારો ને વોટ આપી કોંગ્રેસ શાશન મહાનગર પાલિકા માં આવે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો..શ્રી ધાનાણી એ કહ્યું હતું કે ગાંધી અને સરદાર ની ભૂમિ ની ગુજરાત ની પ્રજા કોંગ્રેસ ની ધડકન છે જ્યારે પ્રવકત વ્યાસ છેલ્લે કહ્યું હતું કે અંતિમ ધામ માં ફ્રી સેવાનું કોંગ્રેસ નિર્માણ કરશે....**




## માન સાંસદ પરબતભાઈ પટેલની ઉપસ્થિતિ કાર્યક્રમોનું આયોજન

# થરાદ ભાજપ દ્વારા ભાજપ ના સ્થાપના દિવસ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું

ભારતીય જનતા પાર્ટી ના સ્થાપના દિવસ નિમિત્તે કાર્યકર્તાઓ એ પોતાના ઘરે ભાજપ નો ધ્વજ લગાવ્યો હતો,સવારે ૯ વાગે કાર્યકર્તાઓ દ્વારા માર્કેટ યાર્ડ ખાતે સ્થાપના દિવસ ની ઉજવણી કરી હતી જેમાં માન સાંસદ પરબતભાઈ પટેલે પાર્ટી નો ઈતિહાસ અને સરકાર ની સિદ્ધિઓ તેમજ સરકાર ની વિવિધ કલ્યાણકારી યોજનાઓ ની માહિતી આપી હતી,૧૦:૩૦ કલાકે વિશ્વસ ના સૌથી લોકપ્રિય નેતા માન નરેન્દ્રભાઈ મોદી સમગ્ર દેશમાં પાર્ટી ના કાર્યકર્તાને પાર્ટી ના સ્થાપના દિવસ નિમિતે વિડિયો કોન્ફરન્સ ના માધ્યમથી સંબોધન કર્યું હતું,સાથો સાથ માન રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જગત પ્રકાશ નડાજી પણ સંબોધન કર્યું હતું જે થરાદ



માર્કેટ યાર્ડ ખાતે કાર્યકર્તા એ વિડીયો કોન્ફરન્સ ના માધ્યમથી સાંભલ્યા હતા, કાર્યક્રમ ના અંતે છઁસ્ઞ ખાતે માન સાંસદ શ્રી પરબતભાઈ પટેલ ની ઉપસ્થિતિ મા રાખેલ કોરોના રસીકરણ કેમ્પ મા કાર્યકર્તાઓ જોડાયા હતા,કાર્યક્રમ મા માન સાંસદ પરબતભાઈ પટેલ, તાલુકા પ્રમુખ દાનાજી માળી,થરાદ છઁસ્ઞ સેક્રેટરી ભેમજીભાઈ પટેલ, જિલ્લા ઉપપ્રમુખ ચંદ્રિકાબેન પટેલ, થરાદ શહેર ભાજપ મહામંત્રી પ્રકાશભાઈ સોની, જેહાભાઈ હડીયલ,તાલુકા મહામંત્રી હરચંદભાઈ ઠાકોર, અ ભ ે ર ા મ ભ ા ઈ રાજગોર,ઉમજીબા, ઓખાભાઈ પટેલ (ભગત)રૂપસીભાઈ પટેલ, ધીરજભાઈ પટેલ,સરપંચ જેતસીભાઈ પટેલ,મદનલાલ પટેલ, વિનોદભાઈ પટેલ, કોકીલાબેન પ્રજાપતિ, દિપિકાબેન પટેલ, મંજુલાબેન દરજી, શૈલેષભાઈ પટેલ અને ભાજપ ની આખી ઉપસ્થિત રહી હતી.

## કાંકરેજ તાલુકામા શૌચાલયમા મોટો ભસ્ટ્રાચાર...

કાંકરેજ તાલુકામા અનેક ગામડામા શૌચાલયમા મોટો ભસ્ટ્રાચાર જોવા મળી રહ્યો છે ત્યારે ૨૦૧૬ થી ૨૦૨૦ સુધીમા બનેલા શૌચાલય ની ઉચ્ચ અધિકારીઓ દ્વારા તપાસ કરવામા આવે તો કાંકરેજ તાલુકાના અનેક ગામોમા મસ્ત મોટો ભસ્ટ્રાચાર સામે આવી સકે છે ત્યારે આ બાબતે જાગૃત નાગરીક દ્વારા પણ આર ટી આઈ માગવામા આવી છે ત્યારે પ્રથમ અપીલમા જવા છતા હજુ પણ આર ટી આઈ માગનાર જાગૃત નાગરીકને દશ દીવસ નો ટાઈમ માગવામા આવ્યો છે ત્યારે સવાલ એ થાય સે કે ભસ્ટ્રાચાર ના થયો હોય તો કેમ આર ટી આઈ ની માહેતી આપવામા આવી નથી ત્યારે જોવુ રહ્યુ કે હવે આ અહેવાલ પ્રસીધ્ધ થયા પસે ઉચ્ચ અધીકારીઓ તપાસ કર છે કે પસે ઘોર નિદ્રામા જ રહે છે એ તો આવનાર સમયજ બતાવ છે. ત્યારે આર.ટી.આઈ અરજદારે કરેલ હોવા છતાં અપીલ ચાલી ગઈ છતાં ૧૦ દિવસ નો સમય અરજદાર જોડે તાલુકા પંચાયતે માગેલ તે છતાં કયો ગ્રહ નડી રહ્યો છે માહિતી અરજદાર ને આપેલ નથી કોઈ ગ્રહ નડી રહ્યો હોય તેવું હાલ દેખાઈ રહ્યું છે જો સાચી તપાસ થાય તો કાંકરેજ માં શૌચાલયમાં મોટું કૌભાંડ બહાર આવે તેવી સંભાવના છે ત્યારે તાલુકા પંચાયત અધિકારીઓ મનમાની ચલાવી રહ્યા હોય તેવું દેખાઈ રહ્યું છે હજુ અરજદાર ને ધરમ ધક્કા ચાલી રહ્યા છે ક્યારે તાલુકાના અધિકારીઓ ની કુમ કરણ ની નિદ્રા માં થી ઉઠશે તે આગામી સમય જોવું રહ્યું..... (રિપોર્ટર:- કનુજી ઠાકોર બનાસકાંઠા)

# હાઈકોર્ટનાં નિર્દેશ બાદ રાજ્ય ચૂંટણીપંચ એકશનમાં: ચૂંટણી પાછી ઠેલાય તેવી શક્યતા

*ગાંધીનગર,તા.૬*

રાજ્યમાં ગાંધીનગર મનપા અને મોરવા હડફ વિધાનસભા બેઠક માટે પેટા ચૂંટણીનું એલાન કરવામાં આવ્યું છે. ત્યારે બંને સ્થળો પર ચૂંટણી પ્રક્રિયાને લઇ તમામ રાજકીય પક્ષો એક્શન મોડમાં જોવા મળી રહ્યા છે. અને ચૂંટણી જીતવા માટે તડામાર તૈયારીઓ પણ શરુ કરી દીધી છે. ત્યારે શક્ય છે કે રાજ્ય ચૂંટણી પંચ રાજ્યમાં કોરોના વાઈરસનો અજગરી ભરડો જોતા રાજ્યમાં યોજાઈ રહેલી ચૂંટણી પ્રક્રિયાને હાલ પુરતી મોકૂફ રાખવા માટે નિર્ણય લઈ શકે છે.

ઉલ્લેખનીય છે કે રાજ્યમાં કોરોના મહામારીનો અજગરભરડો જોવા મળી રહ્યો છે. રાજ્યમાં કોરોના સતત વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહ્યો છે. રાજ્યમાં કોરોના કેસમાં સતત વધારો નોધાઇ રહ્યો છે. ત્યારે ગુજરાત હાઈકોર્ટે રાજ્યમાં વધતા જતા કોરોના કેસ મામલે સરકારને ટકોર કરવાની ફરજ પડી છે.




Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.